
# ગુણાતીત જ્યોત

જાણકપ દેહ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.






વર્ષ ૫૬, અંક : ૧, તા.૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬, સંવત – ૨૦૮૨ મહા સુદ – ૩, બુધવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂ.૧૦૦

## તા.૨૭–૨૮.૧૨.૨૦૨૫ – પ.પૂ.તારાબેનના ૯૫મા પ્રાગટ્યદિન 'પરમ આતમ પર્વ'ની ઉજવણી...

### તા.૨૭.૧૨.૨૦૨૫ – સાંસ્કૃતિક કાર્યક્રમ 'પરમ આતમ સ્વરૂપ દર્શન'









































## તા.૨૮.૧૨.૨૦૨૫ – પ.પૂ.તારાબેનના ૯૦મા પ્રાગટ્યદિન 'પરમ આતમ પર્વ'ની ઉજવણી...





સ્વાગત વંદના...









પૂજન અને આરતી...



# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તે જ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : ૪** સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લેવી.
– ગુરુહરિ પપ્પાજી મહારાજ



### શ્રીજી રસામૃત

'... જ્યારે સારાનરસા વિષય તુલ્ય ભાસે ત્યારે એ ભક્ત સિદ્ધદશાને પામ્યો જાણવો, અને જ્યારે વિષયમાંથી આસક્તિ મૂકીને સિદ્ધદશાને પામે છે ત્યારે એને કૃતાર્થ થયો જાણવો.' (વચ.ગ.મ. ૧)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

અંતરજામી આગળ મનને ચોરે તે મૂર્ખ કહેવાય. સત્પુરુષને સેવવા તેનો અર્થ કર્યો જે હાથ જોડવા ને અનુવૃત્તિ પાળવી ને મહિમા સમજવો; તો કાંઈ કસર રહે નહીં. (સ્વામીની વાતુ પ્રક.૫ની ૩૮મી વાત)



### દિવ્યામૃત

બધી જ ક્રિયામાં ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. હું જે ક્રિયા કરું છું તે ભગવાનને ગમશે ? એમ વિચારીને ક્રિયા કરવી.

(તા.૩.૫.૧૯૫૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૫ | પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને... | ૧૧ |
| ગુરુહરિ પપ્પાજી મહારાજની પરાવાણી... | ૬ | પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના પ્રાગટ્યદિને... | ૧૨ |
| વચનામૃત ગ.અં.૨૬નું નિરૂપણ... | ૭ | શાશ્વત સંકલ્પ પર્વે... | ૧૩ |
| બ્ર.સ્વ. કાકાજી મહારાજના સાક્ષાત્કારદિને... | ૯ | પરમની આરાધના | ૧૫ |
| પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિને... | ૧૦ | સત્સંગ સમાચાર... | ૧૬ થી... |



## પપ્પાજીની પરાવાણી...

આપણે મૂર્તિમાં લીન થઈ જવું છે. કઈ મૂર્તિ ? સાકારબ્રહ્મની મૂર્તિમાં. એ હરેકમાં વ્યાપીને કરતાં હોય. આપણે મૂર્તિમાં લીન રહીશું તો ગમે તે સામે આવશે તોય આપણો પ્રાપ્તિનો કેફ નિરંતર રહેશે. ઓહોહો દર્શન થયા ! એમ હૈયું ને આંખ હસી ઉઠે એ મૂર્તિમાં લીન થયા કહેવાઈએ.

પછી કોઈપણ પરિસ્થિતિ સર્જાશે તો ય આપણું હાસ્ય નહીં જાય. કદાચ પ્રભુ આપણું બધું લઈ લે, હણી લે કે અપમાન કરશે તો ય સ્મિત નહીં જાય. બસ આપણે તો પાંદડું હાલે એમ હાલ્યા કરીએ, હલકાં રહેવાય. ભગવાન બધાના પ્રારબ્ધ વાપરીને શુદ્ધ કરી રહ્યાં છે. આપણને ગુણાતીત સ્વરૂપ મળ્યું છે. આપણા અંગને ગોઠે એવી જ, આપણાથી થાય એવી જ સેવા આપીને આગળ લઈ જાય છે. સૌને પોતાની આવડત સેવા આપીને સુખે સુખે, હસતાં રમતાં આગળ વધાય તેવી સરળતા કરી આપી છે. સુખિયા રહેવા માટે સરળ રસ્તો છે – મૂકી દેવું. કહે તેમ કરી લેવું. કર્તાહર્તા પ્રભુ છે. એ મારા હિતમાં હશે તેમ જ કરશે. આવું જે સમજે ને વર્તે તો એને દુઃખ આવે જ નહીં. બધા બ્રહ્મનિયંત્રિત છે એમ માને ને વર્તે તો સહજ આનંદ આવ્યા જ કરે.

આપણે બે વાત યાદ રાખવી કે, મારે આ ઘડીએ ને આ પળે મરવાનું છે એ માન્યતા દ્રઢ રાખવી. બીજું કર્તાહર્તા પ્રભુ જ છે.

ને બે વાત ભૂલી જવી તે કઈ ?

તો આપણે કોઈના ઉપર ઉપકાર કર્યો હોય તે ભૂલી જવું. આપણે તો નિમિત્ત છીએ. બીજું કોઈએ આપણો તિરસ્કાર કર્યો હોય, ભૂંડું કર્યું હોય તો તે ભૂલી જવું.

બસ આપણે સારી સારી વાત સંભારવી. ખોટું કર્યું હોય તો તે ના સંભારવું. આવું મનનું વલણ તૈયાર કરી દેવું. સૌનો પ્રેરક ભગવાન છે એટલું દ્રઢ માનીએ જ.

આપણે ભજન ગાઈએ છીએ કે, ‘તારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય...’ બસ આ અલમસ્તાઈ રાખીએ. આનંદ કર્યા કરીએ તો આ જન્મે જ છતીંદિહે મોક્ષ થઈ ગયો. બધા પ્રગતિ કરતાં ચૈતન્યો છે. આપણે લીલા જોયા કરવી. કોઈનીય તાકાત નથી કે સ્વતંત્ર વર્તી શકે. આપણને સર્વોપરી પુરૂષોત્તમનારાયણ મળ્યા છે. તે બધાની વૃત્તિઓ નિર્મૂળ થઈ જાય એટલા માટે બધાનું ચાલવા દે છે. આ બધાય સ્વરૂપો આપણી પાસે કોઈ જ અપેક્ષા રાખતા નથી. પોતે સંકલ્પથી ઉગાડે છે ને ખેરવે છે. આપણે માનીએ જ કે બધા પ્રભુને વફાદાર છે. આપણે કોઈના પ્રકૃતિ, સ્વભાવ જોઈને મૂલ્યાંકન ના બાંધીએ. કોઈ આજે નહીં તો કાલે સમજશે. એટલે આ દિવ્ય સત્સંગમાં આપણે કોઈનું જોવું નથી. માથાકૂટ કરવી નથી. જેને જેને પ્રત્યક્ષની નિષ્ઠા થઈ એ બધા જ બ્રહ્મસ્વરૂપ છે એવું મનાઈ જાય તો સાધના છે જ નહીં. આપણે અક્ષરધામરૂપ રહેવું જ છે તેવો નિશ્ચય કરીએ જ. લાફઆઉટ કરતાં શીખી જઈએ. કેટલું સહેલું છે. બસ પ્રભુની મર્તિમાં લીન રહો તો કાંઈ કરવાનું રહેશે નહીં.

(તા.૨૩.૧.૧૯૮૮)

**પ.પૂ.દીદીનો આદેશ...**
**સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જવું જ છે...**




# વચનામૃત ગ.અં.૨૭ : મન–ઈંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું...

## ગુરુહરિ પપ્પાજી મહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

**‘તે પુરુષ કેવો હોય તેના લક્ષણ કહો. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય...’**

જેને ધર્મ હોય કે મારે પ્રભુની વફાદારીએયુક્ત જ વર્તવાનું છે. ભલે ને આફ્રિકાના રણમાં બેઠો હોય. પણ હું તો બાનો છું, આ બધા બહેનોનો છું. જ્યોતનો છું. મારાથી આમ કેમ થાય ? એવી જાતનું થાય. એવી રીતે ધર્મ વિશેષ વર્તતો હોય.

**‘ને આસ્તિકપણું હોય જે આલોકમાં જે સારું-નરસું કર્મ કરે છે તેનું સારું-નરસું ફળ જરૂર પરલોકમાં ભોગવે છે...’**

અત્યારે આપણા ગુરુ ભલે આપણી સાથે ના હોય. પણ તે મુને જુવે છે. એવો આસ્તિકભાવ હોય અને જો જરીક મનમુખી સંકલ્પ કરીને ભળીશ તો એનું પ્રારબ્ધ મારે ભોગવવું પડશે. ને ચૈડકારો આવશે. અક્ષરધામની સમાધિ મારી જતી રહેશે. એવી બીક રહે. એવી દ્રઢ મતિ હોય.

હું જોગીનો છું તેવી લાજ હોય. આપણા આ બધા સ્વરૂપો દેશ-પરદેશમાં વિચરણ કરે છે. ઈંગ્લેન્ડ, અમેરિકા મહામાયાના પાણી જેવા દેશમાં જાય છે. પણ માયા અડતી નથી. બીજાની માયા કાઢે તેવા વીજળી જેવા સંતો છે. તેઓ ભૂંડું કરી જ ના શકે. પ્રભુ રાજી થાય તેવું જ વર્તે છે. તેઓ ગમે ત્યાં જાય પણ કોઈ પદાર્થ, વ્યક્તિ એ કશું જ બંધન કરી શકે નહીં તેવા સમર્થ બની ગયા. સ્ત્રી-ધનમાં બંધાય નહીં ને સ્વધર્મ ચૂકે નહીં. ખરેખર એ અક્ષરમુક્ત હોય તો ના બંધાય ને વીજળી જેવા સંત થઈને ઉભો રહે. સ્ત્રી-ધન બંધનકર્તા ના નીવડે. એનો સાકાર દાખલો. માયારામ ભટ્ટ, મૂળજી બ્રહ્મચારી છે. નિષ્કુળાનંદસ્વામી ને આપણા આ બધા સ્વરૂપો એ ક્યાંય બંધાયા નહીં.

પુત્રના લક્ષણ પારણામાંથી જણાય હં. હું ૧૯૬૫માં રઢુ ગયેલો. ને ત્યાંથી નડિયાદ ગયેલો. ને આપણી આ જ્યોત બંધાતી’તી. તે જોવા વિદ્યાનગર આવેલો. મેં સાહેબને કહ્યું કે, હું નડિયાદથી આવું છું. તમે અમદાવાદથી આવો. પછી અમે આણંદમાં ભેગા મળ્યા. બપોરે અઢી વાગ્યાની ગાડીમાં અમે આણંદ ઉતર્યા. વી.એસ.ના ક્વાટર્સમાં ગયા. ત્યાં જમવાનું હતું તો મેં સાહેબને કહ્યું કે, તમે ભૂખ્યા જ છો તો ચાલો આપણે જમી લઈએ. તો એ કહે, નથી જમવું. કારણ એ હતું કે, ટ્રેનમાં આવેલા તો કોઈ બૈરું અડી ગયું હશે તો કહે મારે ઉપવાસ જેવું છે. સ્વામીએ યુવકોને આજ્ઞા આપેલી કે કોઈ છોકરી અડી જાય તો ઉપવાસ કરી લેવો. આ આજ્ઞાનું અનુસંધાન સાહેબે રાખ્યું.

તો મને થઈ ગયું કે, અહોહો ! આ સ્વામીની આજ્ઞા કેવી લઈ મંડ્યા છે ! નહીંતર કોને ક્યાં ખબર હતી ? એમ એટલે અંતર્યામી માનીને આજ્ઞા પાળે એનું આખું કલેવર ઘડાઈ જાય તે આ.

ડગમગાટ નહીં. કોઈ માલ નહીં. ધૂળના રમકડાં છે એમાં શું ? એવું અંદરથી થઈ જાય. જ્યારે તિરસ્કારથી છોડીએ છીએ ત્યારે અંદરમાં કંઈક કંઈક રહી જાય છે. પણ સ્વામીએ એવું કરી આલ્યું કે, અંદરથી ઓગળે પછી નીકળતું નીકળતું બહાર આવે.

**'અને એવો હોય ને તેને જો એક આત્મનિષ્ઠાપણું હોય જે હું તો આત્મા છું, બ્રહ્મ છું. ને મારે વિષે શુભ-અશુભ ક્રિયા લાગતી નથી. હું તો અસંગ છું એવું અંગ હોય...'**

આવા દાસત્વ ચૂકે ને મહિમાની વાત કર્યા કરે. હશે પાપ થઈ ગયું પછી પ્રાર્થના કરી લઈશ. આ બે રીતના જે દોષ તે ધર્મ પાળવામાં મોટા અંતરાયરૂપ છે.

આત્મનિષ્ઠા કોઈ ગાળ ભાંડે ત્યારે રાખવાની કે હું તો આત્મા છું. મને શું અડવાનું ? પણ જ્યારે આપણો કોઈ સ્વધર્મ ચૂકાતો હોય, મનમુખી થતું હોય તે વખતે મને શું અડવાનું છે ? એમ નહીં. ત્યારે એમ વિચારવાનું કે હું આ શું કામ કરું છું ? અડતું જ નથી તો ભક્તિરૂપ જ કરો ને ! ભક્તિરૂપ નથી લાગતું તો શું કામ કરવું છે ? આ આત્મનિષ્ઠામાં દોષ છે. ખરેખર હું આત્મા છું એમ માનીએ તો ગુરુમુખી જ વર્તાય. નિરાકારને સંકલ્પ ક્યાં રહ્યાં ? એમ જો આપણે વિચારીએ તો પાછા વળાય. એટલે વચ.ગ.છે.૨૬માં કહ્યું કે જાણપણું તો રાખજો જ. સ્વધર્મ અને વફાદારી તો દાસત્વપણાની રાખવાની જ.

હવે કોઈ ડૂબતો હોય, નિરાધાર થઈ ગયો હોય ત્યારે જે ભગવાનનો મહિમા ગાઈએ છીએ તે તેને તરતું રાખવા માટે. ભગવાનનું બળ આપવા માટે. તે ડૂબાડૂબ ના થાય એટલે મહિમા વધશે તો ભગવાન ભજશે. છેવટે મૂંજો સૂરો, માનભા, ભગત થઈ ગયા તેમ મણિ જેવો બની જશે. એટલે કોઈ પાછા પડતા હોય તો તેના દોષ જોયા વિના તેના માટે અંદરથી પ્રાર્થના જ કરવાની. એટલે તેનામાં ઉગશે. માહાત્મ્ય શું કે, - આવા સ્વરૂપોની અતિ સાચા ભાવે સેવા કરે. પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ માનીને પગે લાગે. દંડવત્ કરે તો તે જરૂર અનાદિ મુક્ત થવાનો જ છે. હકીકત છે.

જે વસ્તુ વીજળી જેવા સંત થવામાં આડી આવતી હોય એ વાત મહારાજે કરી છે. માહાત્મ્યની ઓથે સ્વધર્મ ક્યારે ચૂકવો નહીં. વફાદારી ચૂકીએ નહીં. ભગવાનને અહંકાર ગમતો નથી. એટલા માટે રાંક રહેવાનું. કોઈનેય તિરસ્કારથી ના જોવા, કે બોલવું નહીં. બધાયને ભગવાનના સ્વરૂપ માનીને પ્રગતિ કરતાં ચૈતન્ય જ માનીએ. કોઈ આપણને વઢે, ધખે અન્યાય કરે તો ય એને વિષે ભૂંડો ઘાટ નહીં કરવાનો. પણ પોઝીટીવ વિચારીએ કે સારું થયું મને દેખાડ્યું. મને હતું કે મારામાં અહંકાર નથી પણ પ્રભુ તમે દર્શન કરાવ્યું કે અહંકાર છે. મને અંદરમાં લાગ્યું એ મારો દોષ છે, અહંકાર છે. એમ અંતર્દ્રષ્ટિ કરીએ. વઢનારનો, ધખનારનો ગુણ લઈએ. પ્રગતિ કરતું ચૈતન્ય માનીએ. એમ રાંક રહીને વચ. છેલ્લા ૨૬ સિદ્ધ કરી લઈએ.

આપણે જરા પણ આઘાપાછા વર્ત્યા તો ભગવાન પ્રસન્ન નહીં થાય. શાથી ? તો ભોગબુદ્ધિના સંકલ્પથી ગમે તે કરીશ, વર્તીશ તો સામાનું જગત નહીં ખરે. જો જગત ખરે ને પ્રભુમય થાય તો બાપાની પ્રસન્નતા મળે. એટલે આપણા ગુરુ - ગુરુહરિને રાજી કરવાના હેતુથી નિર્માની, નિર્લોભી, નિઃસ્વાદી, નિઃસ્નેહી, નિષ્કામી એમ પંચ વર્તમાન વફાદારીએયુક્ત વાપરીએ.

એટલે હું કહું છું ને જેમ ઊંચે જાય તેમ તેમ જબરજસ્ત બ્રેક થતી જાય. બે ધારી તલવાર થતી જાય. મનમુખી સંકલ્પ કરવો એ મહાપાપ એમ બાપાએ કહી દીધું. ચિંતવન ગુરુઓનું કરવું. બહેનો બહેનોનું કરે, ભાઈઓ ભાઈ ગુરુઓનું કરે. તો ઓટોમેટીક જગત ખોટું થઈ જાય. એ વાત મહારાજે કરી.

અખંડ તેલધારા વૃત્તિ ભગવાનમાં રહેતી હોય, પળેપળ આપણા આખા બ્રહ્માંડમાં, રુંવાડે રુંવાડામાં એવું અનુસંધાન રહે ત્યારે વીજળી જેવા સંત થવાય.

(ક્રમશઃ)



## બ્ર.સ્વ.કાકાજી મહારાજના સાક્ષાત્કારદિને...

ઈ.સ.૧૯૫૨ની ૩જી ફેબ્રુઆરીએ ગોંડલ અક્ષરદેરીમાં કાકાશ્રીને શ્રી યોગીજી મહારાજે સાક્ષાત્કાર કરાવ્યો ને બાપા જ શ્રીજી મહારાજનું પ્રત્યક્ષ સ્વરૂપ છે તેમ મનાયું તે મંગલદિન. આ સમયમાં જોગી એ શ્રીજીસ્વરૂપ છે તે સત્યનો સ્વીકાર કરવો અઘરો હતો. કાકાશ્રીએ શૂરવીરતાથી માન–અપમાન ને વિરોધની અવગણના રાખીને જોરશોરથી યોગીબાપાનું સ્વરૂપ છતું કરવા માંડ્યું. કાકાશ્રીની પરાવાણીને અનેક મુક્તોએ ઝીલી ને એ ગુણાતીત જ્ઞાનને જીવનમાં પચાવ્યું. ને તેમના થકી તૈયાર થયેલા વ્રતધારી સંતો, બહેનો, ભાઈઓ ને ગૃહસ્થ એકાંતિકો પ્રકાશરૂપ બન્યા. એવા ગુણાતીત સમાજના જ્યોતિર્ધર કાકાશ્રીની પરાવાણીનું મનન–ચિંતન કરીએ...

...આપણે અક્ષરધામના મુક્તોએ એક ચૈતન્ય પ્રવાહમાં વહેતા જ રહેવાનું છે. ક્યાંય અટકવાનું નથી. પ્રભુ પુરૂષોત્તમનારાયણનું જે જ્ઞાન છે તે ખરેખર તત્ત્વે કરીને ઓળખવું હશે તો એવા ગુણાતીત પુરુષને ઓળખવા જ પડશે. એ સીધા ઓળખાશે જ નહીં. આપણે માયિક છીએ. મુક્ત હોઈશું, સિદ્ધ હોઈશું, અધ્ધર ઉડતા હોઈશું, હજારોના દ્રષ્ટા હોઈશું, મોટા મોટા આયોજન કરતા હોઈશું તો ય આપણને આત્માનું જાણપણું રહેવાનું કે 'હું મુક્ત છું, સિદ્ધ છું.' તો ગુણાતીત જ્ઞાનની પહેલી બારાખડી છે કે ગુણાતીત પુરુષને ઓળખવા જ પડશે.

આપણે બાપાને કહીએ છીએ કે, હું તમારો છું. પણ એટલા સારું કે તું મારું સાચવું એટલે હું તારો છું. પણ બાપા સૂર્ય સમાન. એમણે સંકલ્પ કર્યો. દયા સર્વ પર પણ કૃપા એના અનન્ય ભાવવાળામાં. મોટા પુરુષે આપણને નજરમાં લઈ લીધા. એટલે આપણાપણું ટોટલ ભૂલી જઈએ એ તાકાત એમને જોઈએ છે. બાપાએ આશિષ આપ્યા છે કે, બ્રહ્મરસ પણ હું ભરીશ ને પાત્ર પણ હું ઘડીશ. ને જોઈએ છીએ કે નિર્મળ સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થો તૈયાર થઈ ગયા. આપણને થતું હશે કે બાપાને અમે ઓળખી લીધા. પણ કરોડના એક ટકોય નથી ઓળખ્યા. છતાંય એમને માન્યા તેમાં આપણને મોજ આપી દીધી. દેહ છતાં અક્ષરધામના સુખના અધિકારી બનાવી રહ્યાં છે. હવે આપણે જાગ્રત રહેવાની વાત છે. આળસ, પ્રમાદ, ગાફલાઈમાં, માથાકૂટમાં સમય નથી જતો ને ! જો જતો હોય, આપણો આનંદ જતો રહેતો હોય તો પપ્પાજીએ કહ્યું છે કે, પાંચ મિનિટમાં પાછા આનંદમાં આવી જાવ. આવું જાણપણું રહેશે તો બીજી વાત એ કે એને બધું અખંડ દેખાશે. જે વાત વચ.ગ.પ્ર.૭૨માં કરી છે કે પોતાના આત્મામાં પરમાત્મા પરબ્રહ્મ અખંડ બિરાજમાન છે. ખરેખર પામી જવું હોય તો સદાય આનંદમાં રહેવું. આ મારી અજમાવેલી સિદ્ધ વાત છે. મને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ સિવાય કશાયનો લેશમાત્ર ભાર પડ્યો નથી. આપણને કંઈપણ ગૂંચવાડો થાય તો આ સ્વરૂપો મળ્યા છે તેમાંથી પાંચને સંભારો. જરૂરથી કામ થશે. તે આવીને ઊભા રહેશે. (તા.૪.૬.૧૯૮૧)



## પ.પૂ.તારાબેનના સ્વરૂપાનુભૂતિદિને...

પ.પૂ.તારાબેનનો ૭૩મો સ્વરૂપાનુભૂતિદિન. આજથી ૭૩ વર્ષ પહેલા ૧૪મી ફેબ્રુઆરીના દિને સ્ત્રીઓ માટે સોનાનો સૂર્યોદય થયો. તારાબેન અલખની વાટના પ્રથમ યાત્રી બન્યાં. વચનામૃતમાં દ્રષ્ટા, દ્રશ્ય ને દર્શન વિષે આલેખ્યું છે તે આજે સાકાર બન્યું.

તારાબેન નાનપણથી જ મૌન–હાસ્યસભર, સદાય સ્ફુરાયમાન, તોફાની છતાં શાંત એવું વ્યક્તિત્વ ધરાવતા હતા. છતાં પણ પોતાના દિલની વાત ક્યાંય બહાર ન આવે તેવા પણ હતા જ એટલે જ અક્ષરધામથી લખાયેલ પત્રમાં પોતાનું નામ ન આવતાં. વિચાર, વાણી કે વર્તનથી પ્રતિભાવ ન જ આપ્યો. ને જોગીમહારાજને પ્રાર્થના જ કરી. ને સાધનામાં આગળ વધતાં જ રહ્યાં. સાધનામાર્ગમાં આવતા માન, અપમાન, સુખ, દુઃખરૂપી કાંટા ને ઝાંખરા સાફ કરતાં રહ્યાં ને આપણા માટે સ્વચ્છ રોયલ રોડ તૈયાર કર્યો. ને એક પછી એક ચૈતન્યો આવતા ગયા. તારાબેન, જ્યોતિબેન, દીદી, દેવીબેન આ ચાર સ્તંભ પર પપ્પાજી ઈમારત ચણતા રહ્યા. જે ઈમારત વિસ્તાર પામી...

તારાબેન એક એવી વિભૂતિ કે એમની પળેપળ પ્રભુમય હતી કે પ્રભુ એમનામય હતા એ હજી પણ કળી શકાતું નથી. પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે તેઓ પપ્પાજીની મરજીને જાણતા ને રૂંવાડે રૂંવાડે પપ્પાજીને ધાર્યા હતા. ને સંકલ્પથી કાર્ય કરે એવી સામર્થી. બધામાં રસબસ થાય પણ સ્વધર્મ ચૂકે નહીં એટલે જ જ્યારે તારાબેનનું પરદેશ જવાનું નક્કી થયું ને પાસપોર્ટ તૈયાર કરવાની કાર્યવાહી શરૂ થઈ ત્યારે બીમારી ગ્રહણ કરીને પરદેશ જવાનું ઉડાડી દીધું.

તારાબેન ખરેખર સાધક વર્ગ માટે આદર્શ છે. કોઈ તરફ એમની નજર જ નહીં. હું, મારો ભગવાન ને મારી સેવા. એ સેવામાં 'આખો સમાજ' આવી જાય. કોઈપણ સાધક હોય ત્યાગી કે ગૃહી તેની પાસે તેના ગુરુનો અફાટ મહિમા ગાય ને તક મળે તો તેની સેવા પણ કરી લે. આમ ભજન કરવા માટે, મહિમા ગાવા માટે સહુ મારા છે એવું તેઓ અહોનિશ માનતાં. સાથે સાથે સુહૃદ પ્રાર્થનાથી જીવને બળ પમાડી સુખિયો પણ કરતાં. આમ કોઈને સમજાવી દેવાનો આગ્રહ નહીં. ઓછું બોલે ને પ્રાર્થનાથી રખોપું કરે.

એક વખત એક સાધકે તારાબેનને પૂછયું કે, 'તારાબેન, તમને શું ગમે ?' એ સાધકનો ભાવ અને ખપ જોઈ કહે, 'મને મહિમા અને માહાત્મ્યમાં રહો એ ગમે. પપ્પાજીને આપણી પાસેથી કાંઈ જોઈતું નથી. આપણી પાસે કોઈ અપેક્ષા રાખતા નથી. છતાં ઈચ્છા તો રાખે છે ને કે બે ભેગા મળીને મહિમાની વાત કરો. તો એ સિદ્ધાંત પાળીએ એ પપ્પાજીને ગમે છે.' આમ જાગ્રતતાથી પૂછયું તો સિદ્ધાંતિક વાત પણ કરી.

હે તારાબેન ! આપે કંડારેલ અલખની વાટ પર સંપ, સુહૃદભાવ એકતાથી અમે સૌ સાધકો સંગે ઉભા રહીએ. પપ્પાજી મહારાજને કર્તાહર્તા માની માહાત્મ્યેયુક્ત સેવા અને ભજનથી આપને તથા સહુ સ્વરૂપોને રાજી કરીએ એ જ અભ્યર્થના.



## અક્ષરરાત્રિ : પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિને...

બહેનો એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકે એ શ્રીજીવચનને સાકાર કરવામાં પ.પૂ.જ્યોતિબેને અલખની વાટ પસંદ કરી. મહાશિવરાત્રિ જેને ગુરુહરિ પપ્પાજી મહારાજ અક્ષરરાત્રિ કહેતાં એ મંગલદિને જ્યોતિબેને આ ધરતીને પાવન કરી. ભક્તિના તેજ પાથર્યા. પ્રભુનો પૈગામ ઝીલી અલખની વાટ સુગમ બનાવી. ગુરુહરિ પપ્પાજી મહારાજની અનુવૃત્તિ પ્રમાણે વર્તીને અખંડ પ્રભુધારક બન્યા. પપ્પાજી મહારાજને વર્તનથી ને કથાવાર્તાથી પ્રકાશિત કર્યા ને રાખ્યાં છે એવાં જ્યોતિબેનને વંદન સહ પ્રણામ.

જ્યોતિબેનના જીવનમાં ગુણાતીત સાધુતાના સહજ દર્શન થતાં. મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્ જે સર્વસ્વ ગણાય તે સહજતાથી પ્રભુની ભક્તિ કરવામાં અર્પણ કર્યું. ગુરુહરિ પપ્પાજી મહારાજની રુચિ એ જ જીવન. કરિષ્યે વચનમ્ તવ. એમ પ્રત્યેક પળે જીવ્યાં છે. જ્યોતિબેને પારસથી પારસ તૈયાર કર્યા. કથીરને કંચન બનાવ્યા. અમી નજરે અનેક આતમ શુદ્ધ કર્યા. સ્મૃતિ વચનો દ્વારા અનેક જીવોને પોતાપણામાંથી બહાર કાઢી, પ્રભુની સ્મૃતિથી સભર કરી, પુણ્યશાળી અક્ષરધામના અધિકારી બનાવ્યાં. પોતાના સંકલ્પ, પ્રાર્થનાથી અહમ્-મમત્વ છોડાવી દાસભાવે જીવતા કર્યા છે. પોતે જીવનપ્રસંગોમાં બધું બ્રહ્મનિયંત્રિત માન્યું ને પપ્પાજી મહારાજને કર્તાહર્તા માન્યા એમ ભક્તોમાં પણ એ ઉગાડ્યું ને પાકી નિષ્ઠા કરાવી. સંત બહેનો તેમજ વ્રતધારી ભાઈઓ તથા ગૃહસ્થોને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીને, વારસદાર બનાવ્યાં છે. પોતાના જીવન વ્યવહારને ગૌણ કરી પ્રભુભક્તિને પ્રાધાન્ય આપે તેવા અનેક ગૃહસ્થો અને સ્થાવર-જંગમ ગણાતું સર્વે પ્રભુ અર્થે અર્પણ કરીને જીવે તેવા ચૈતન્યમાધ્યમો તૈયાર કર્યા.

ગુણાતીત સમાજના સર્જનમાં ગુરુહરિ પપ્પાજી મહારાજ, ગુરુહરિ કાકાજી મહારાજ અને સોનાબાના કાર્યમા અહોહોભાવે ભળ્યા ને જીવનપર્યંત એ કાર્ય કરતાં રહ્યાં. એ તેમની અપ્રતિમ ભક્તિનું દર્શન કરાવે છે. પોતે તો માહાત્મ્યેયુક્ત સેવા કરી આદર્શ પૂરો પાડ્યો, તેમ આશ્રિતોને પણ એવાં આદર્શ બનાવ્યા.

જ્યોતિબેન એટલે સંપૂર્ણ ગુણાતીતભાવમાં રહેતું સ્વરૂપ. તેમની રોજિંદી ક્રિયા પણ આપણને અપીલ કરી જાય તેવી હતી. ધ્યાન, ભજન, પૂજા, મંત્રલેખન, સ્વાધ્યાય, કથાવાર્તા, વિચરણ એ બધામાં તેમની પરાભક્તિના દર્શન થયા છે. સારા કે માઠાં પ્રસંગોમાં પ્રભુની અલમસ્તાઈથી સ્મિતસભરતાના અનોખા દર્શન આપણે સૌએ કર્યા છે. એ જ્યોતિબેને આપણને પાળ્યા, પોષ્યા ને પ્રભુમય જીવન જીવતા કર્યા છે.

આજના મંગલદિને એક પ્રાર્થના છે કે, હે જ્યોતિબેન ! અમે પ્રભુનું કાર્ય બનીને રહીએ. તેમના સાચા વારસદાર બની તેમની સેવા તેમની રીતે કરીએ. અમારા ૫૧ ભૂત પ્રભુની રુચિ પ્રમાણે વર્તે એવા સાચા ગુણાતીત સાધુતાના પાત્ર બની રહીએ તેવું બળ આપી ધન્ય કરશોજી.



## પ.પૂ.અક્ષરવિહારી સ્વામીજીના પ્રાગટ્યદિને...

૧૫મી ફેબ્રુઆરીના મંગલદિને પ.પૂ.સ્વામીજીએ આ ધરાને પાવન કરી. અનાદિના સાધુ સ્વરૂપ. કાળ, કર્મ, માયા, પ્રકૃતિ–પુરુષથી પરનો અક્ષરધામનો સંબંધ દ્રઢ કરાવવા પોતે વર્તીને આદર્શ આપ્યો છે. શબ્દાતીત, ભાવાતીત સાથે ગુણાતીત અવસ્થાના તેમના જીવનથી દર્શન થતાં. તેમની બ્રાહ્મીમસ્તીમાંથી સામાને પ્રેરણા મળતી. સરળતાથી પ્રભુપ્રાપ્તિ કરી સુખમય જીવન જીવી શકીએ તેવી પ્રેરણા આપતી તેમની પરાવાણીનો સ્વાધ્યાય કરી લઈએ.

...યોગીજી મહારાજનો સંકલ્પ છે કે, 'પાત્ર પણ હું ઘડીશ ને બ્રહ્મરસ પણ હું પૂરીશ.' એ સંકલ્પ પ્રમાણે યોગીજી મહારાજના વચનોને સાકાર કરવા આવા સત્પુરુષો દાખડો કરે છે. પપ્પાજી આપણને આશીર્વાદ આપવા પધારે એ જ આપણા ભાગ્ય છે. તો આપણી ફરજ એટલી છે કે, એ જેટલો દાખડો કરે છે એની સામે થોડી રુચિ રાખીએ. આપણને જે માર્ગદર્શન આપે છે તે પ્રસંગે પાછા વળવામાં ઉપયોગ કરીએ ને ભજનનો આશરો લઈએ તો સુખિયા થઈ જઈશું.

પપ્પાજીએ કૃપા કરીને એટલી હદ સુધી કહી દીધું કે, પ્રસંગે આપણાથી જેવું થાય તેવું ભજન કરીએ. એકાગ્ર ચિત્તે ના કરી શકીએ તો આપણને ખ્યાલ રહે જ કે અત્યારે પ્રસંગ ચાલી રહ્યો છે અને એમાં મને કંઈક અભાવ, વિક્ષેપ, મૂંઝવણ કે આ કચૂર કચૂર કે બસૂરું લાગે છે કે કંઈક બી થાય છે, ત્યાં અંતર્દ્રષ્ટિ કરીને એટલું જ જાણપણું રાખીએ કે, આ જે કંઈક થાય છે એ પપ્પાજી કરે છે. બ્રહ્મનો ગુણ આનંદ છે. આપણે અખંડ આનંદમાં રહેવું છે. જ્યાં સુધી આનંદમાં રહેવાતું નથી ત્યાં સુધી આપણે બ્રહ્મરૂપ નથી. આપણે તટસ્થ નથી, સમતામાં નથી. આપણે લેવાઈ જઈએ છીએ. પક્ષાપક્ષીમાં, સાચા–ખોટામાં, સત્ય–અસત્યમાં લેવાઈ જઈએ છીએ. એમાં આપણે જાગ્રત રહેવું છે.

પપ્પાજીએ કેટલો સહેલો ઉપાય બતાવ્યો કે, કંઈપણ બસૂરું લાગે છે ત્યાં આપણે ભજન કરીને તટસ્થ થવા પ્રયત્ન કરવો. પપ્પાજીએ કહ્યું કે, હવે ટાઈમ પાકી ગયો છે. ત્રણ વર્ષમાં પૂર્ણાહુતિ કરવાની વાત કરી. તો ત્રણ વર્ષમાં પામી જઈએ. કંઈપણ એવું લાગે કે વર્તાઈ જાય તો નિષ્કપટ થઈ જવું કે, આ પ્રયત્ન કરું છું, છતાં પણ મેળ નથી પડતો અને તકલીફ થાય છે. પછી તે ભજન કરશે. આપણને કંઈક આજ્ઞા આપશે તે દિલથી પાળીશું તો તેનાથી પર થઈ જઈશું. સત્પુરુષના વચને જે કરીએ તે આપણું શુદ્ધિકરણ કરી દે છે. આપણે અજ્ઞાનતા નથી રાખવી. તો જ્ઞાની પણ નથી થવું. જ્ઞાની એટલે શું ? અભાવ, અવગુણ, ખટપટ, માથાકૂટ, સત્ય, અસત્ય એ બધી ખોટી ભાંજગડમાં પડીએ છીએ ત્યાં અજ્ઞાની રહેવાનું. જાગ્રતતા રાખવામાં જ્ઞાની બનવાનું.

આ બધા સ્વરૂપો આપણા માટે પ્રાર્થના કરે છે. તો આપણે બ્રહ્મરૂપ થઈ જઈએ. બ્રહ્મરૂપ એવો તારો હું દાસ છું. એ સૂત્રને જીવનમાં સાકાર કરીએ એ જ પ્રાર્થના. (તા.૨૮.૧૨.૧૯૮૨)

## શાશ્વત સંકલ્પ પર્વ...

નિત્યે પ્રત્યે ગુણાતીત સમાજના અક્ષરમુક્તો જીવનનાં સર્વે કાર્યોની શરૂઆતમાં
સહજાનંદસ્વામી મહારાજની જય...
ગુરુહરિ પપ્પાજી મહારાજની જય...
શાશ્વત સંકલ્પ પર્વની જય...

એમ હૃદયભાવથી કે શાબ્દિક, બાહ્ય કે આંતરિક ભાવથી ઉચ્ચારણ કરે છે. અને પછી 'જય' શબ્દનો અર્થ જીવનમાં જીવીને ગુરુહરિ પપ્પાજીને પ્રસન્ન કરવાનો પળેપળ ઉદ્યમ કરે છે. જય બોલવાનો અર્થ એક આત્મીયતા અને બહુમાન આપતો પ્રેમભર્યો આવકારતો શબ્દ છે. જેમાં ભારતીય અને ધાર્મિક ઉદ્‌બોધન હોવાથી જીવનમાં મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્‌માં એક જાગ્રતતા અર્પે છે.

એવો જ એક શબ્દ જે ૨૦૦૬-૨૮મી મે ગુણાતીત સમાજમાં હૃદયના ઉમંગથી ઉચ્ચારતો થયો. આપણી ભારતની અનાદિની પાયાની ભાષા 'સંસ્કૃત'માંથી ઉદ્‌ભવેલો શબ્દ છે 'શાશ્વત' એનો અર્થ થાય છે :
'શાશ્વત' એ ગુજરાતી ભાષાનો ખૂબ જ સુંદર અને ગહન અર્થ દર્શાવતો શબ્દ છે. જેનો ક્યારેય અંત ન આવે તેવું. જે કાયમી છે જ સનાતન છે. એટલે કે નિત્ય છે, અવિનાશી છે. જે હંમેશા અસ્તિત્ત્વમાં રહેવાનું છે. આપણે આ દેહે રહીશું ત્યાં સુધી જ નહીં પણ સદાય. આ પૃથ્વી, બ્રહ્માંડ, પરબ્રહ્મ તત્ત્વ છે તે અસ્તિત્ત્વમાં કાયમી છે. ત્યાં સનાતનતા, શાશ્વતતા છે. બીજા શબ્દોમાં કહીએ તો અમર, અજર, અવિનાશી, અક્ષય અક્ષર છે એવું તત્ત્વ જે સમયની સાથે બદલાતું નથી, વધતું નથી, ઘટતું નથી. સમય સંજોગો બદલાય પણ તે 'નિત્ય' જ છે. જે કાયમી પ્રગતિશીલ રહે છે.

હિન્દુધર્મને સનાતન ધર્મ કહે છે. જે બ્રહ્માંડ ઉત્પન્ન થયું ત્યારથી જ અસ્તિત્ત્વમાં છે. જે જ્યારથી આત્મા પરમાત્માનો નિશ્ચય થયો કે જ્ઞાન ઉદ્‌ભવ થયું અને આત્મા પુન:જન્મ લે છે અને દેહ વિનાશ પામે છે જેને મૃત્યુ કહેવાય છે. પણ આત્માની દ્રષ્ટિએ દરેક આત્મા પૂર્ણ શુદ્ધ બનીને જ્યાં સુધી પરમાત્મામાં જોડાતો નથી ત્યાં સુધી જન્મમરણના ચક્રાવામાં અબજો જન્મોથી ફર્યા જ કરે છે. એ હિન્દુધર્મની જે મુખ્ય ધારા છે, સિદ્ધાંત છે, તે શાશ્વત છે. જે ચૈતન્ય પૂર્ણ શુદ્ધ બનીને સ્વરહિત અક્ષરસ્વરૂપ બની જાય છે. છતીદેહે મોક્ષનો અનુભવ કરે છે અને પરમાત્માની શક્તિનો આવિર્ભાવ નિજમાં નિરંતર કરીને સર્વ કોઈમાં તેવું જ પરાત્પર દર્શન કરીને જીવન જીવે છે તે શાશ્વત બની રહે છે !

શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના અક્ષરસ્વરૂપને સાથે જ લાવ્યા, તેમને ઓળખાવ્યા અને 'વારસદારો પૃથ્વી પર અખંડ જ રહેશે' તેવા શાશ્વત વરદાન આપ્યા છે જે આજે અક્ષરસ્વરૂપોની પ્રગટ, પ્રત્યક્ષ, સાકાર હાજરી પૃથ્વી પર નિરંતર હાજરાહજૂર રહે છે જ.

શ્રીજીમહારાજની અકારણ કરુણા કે સંબંધયોગ ચાલુ કર્યો અને તે જ યોગ જે કોઈ સ્વરૂપ પ્રસરાવે અને આશ્રિત માત્ર પ્રત્યે કોઈ જ અપેક્ષા ન રાખે – પણ પોતે જ સંકલ્પ, ભજન, જતનથી એકપક્ષીય શ્રમ કરે તે જ શાશ્વતીનું બિરૂદ પામે છે. ને શ્રીજી સ્વયં શાશ્વત પ્રગટ સ્વરૂપ બનીને એમના પછીના વારસદારો તૈયાર કરે છે.

જેમાં તેઓ અખંડ નિવાસ કરે છે. સાંપ્રતકાળે શ્રી શાસ્ત્રીજી મહારાજે એવી પરમાત્મા શ્રીજીની સંગે એકરૂપતા, તન્મયતા સાધી હતી અને અક્ષરપુરૂષોત્તમ મહારાજની નિષ્ઠા શરૂ કરાવી ને કાર્યભાર તેમના વારસદાર શ્રી યોગીજીમહારાજને સોંપ્યો ! એ જ સંબંધયોગી રીતિનીતિ અને સર્વ પ્રકારે આત્માની સંશુદ્ધિ માટે જતન કરીને એકાંતિક મુક્તો તૈયાર કર્યા.

અને એમાંથી જે અન્વય વ્યતિરેકરૂપે પળેપળ જીવન જીવે તેવા પૂ.બાબુભાઈ પટેલ 'પપ્પાજી'ને પસંદ કર્યા અને શાશ્વતીનું બિરૂદ વર્તનથી સાકાર કર્યું, કરાવ્યું. ધ્રુવતારક જેમ અચલ ને અટલ અને સૌનો પથદર્શક બની રહે તેમ પપ્પાજી અક્ષરના પદને અચળ ને અનંત બનાવીને પ્રત્યેક પળે સાકાર બનીને જીવ્યા અને ૨૦૦૬માં સંકલ્પ સ્વરૂપે પ્રગટ રહ્યા.

એ સ્વયં શાશ્વત – અને એથી એમનો જે સંકલ્પ સૌ આશ્રિતો માટે તે સનાતન બન્યો – કર્યો તે કર્યો ક્યાંયે

અટવાય નહીં, રુકે નહીં, માર્ગ ચૂકે કે ભૂલે નહીં. તે રીતે પપ્પાજીનો સંકલ્પ શાશ્વત સ્વરૂપે સૌ સંબંધીઓમાં પ્રસરી, દ્રઢ થઈ રહ્યો છે.

ઘણીવાર વિચાર આવે કે શું આવા અક્ષરસ્વરૂપોને વળી સંકલ્પ હોય ખરા ? તેઓ તો શ્રીજીની પરમાતમની લીલાને નીરવ, નિષ્કામભાવે નીરખ્યા કરતા હોય છે અને જ્યારે જે રીતે તેમાં ભાગ લેવાનો હોય તે રીતે જ લેતા હોય તેવા સર્વોપરી પરમાત્માના દિવ્ય કાર્યના સાધનરૂપ 'પરમ ભાગવત સંત' કે ગુણાતીત સાધુ હોય તેને સંકલ્પ, ભાવ ને ક્રિયા ઉદ્‌ભવે જ નહીં. છતાં પણ પરમ તત્ત્વોની પ્રેરણા, આંતરિક આવિર્ભાવ ઝીલવાની તેમના આત્માની અકલ્પનીય શક્તિ તેમનામાં 'સંકલ્પ' પ્રગટાવે છે. જે શાશ્વત તત્ત્વમાંથી આવી છે, ને શાશ્વત જ રહેવાની છે તે પરાશક્તિની પ્રગલ્લભ, અવર્ણનીય સંકલ્પ શક્તિરૂપે બૃહદ સમાજમાં પ્રસરી રહે છે. જે શબ્દો નથી, જેને અવાજ કે નાદ નથી એ એક આવિર્ભાવ સ્વરૂપે જેમ સૂર્ય પ્રગટે ને પ્રકાશ પ્રસરે તેવી સહજ સનાતન રીતે ધરા પર પ્રગટી ને પ્રસરી રહે છે.

ઘણીવાર મનમાં તે 'શાશ્વતતા'ના અનેક કાર્યકારણ ઉદ્‌ભવે – શું સમય શાશ્વત છે ? તે તો તેના માપદંડ આવ્યા ને માનવજાતિ ઉદ્‌ભવી પછી જ અસ્તિત્ત્વમાં આવ્યો છે. વૈજ્ઞાનિકો કહેતા શાશ્વત છે પદાર્થ – Matter. પણ તેનો પણ નાશ – ન્યુટ્રોન પ્રોટોનમાં વિભાજનમાં પરિણમે છે. પદાર્થ એકરૂપમાંથી બીજા રૂપમાં પણ અવિનાશી જ રહે છે તે જ્ઞાનને પણ હવે ચેલેન્જ કરવામાં આવ્યો છે.

તો શાશ્વત કોને ગણવો ? આવા પરમ શુદ્ધ પરમાતમના સ્વરૂપોના સંકલ્પને જ શાશ્વત ગણવો. તે જ સત્ય એ આજે આપણા જીવનમાં પ્રસ્થાપિત થયું છે ને નિરાકાર, નિષ્કામ આતમને જ શાશ્વત ગણવો. જેમ શ્રીજી પ્રગટ્યા ને 'સૌને બ્રહ્મરૂપ કરવા છે.' તે દ્રઢાવથી સંબંધયોગ સ્થાપ્યો. તે જ શાશ્વત સંકલ્પનો મૂળભૂત પાયો બન્યો છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શાશ્વત તત્ત્વનું પ્રાગટ્ય એ જ એક સંકલ્પરૂપે જે આજે સનાતન બન્યું છે. (પૂ.ડૉ.નીલમબેન)

## શાશ્વત સંકલ્પનો શક્તિ સ્રોત...

શાશ્વત એટલે...જે કાયમી છે, નિત્ય છે, સતત છે... જે પહેલેથી જ હતું, અત્યારે પણ છે અને નિરંતર સદૈવ જે રહેશે...એ શાશ્વત.

સંકલ્પ એટલે... શુધ્ધ સિદ્ધાંતથી ભરપૂર દ્રઢ નિર્ધાર કે જેમાં પ્રાપ્તિ સરળ અને સુલભ છે.

ગુરુહરિ પપ્પાજી મહારાજનું સમગ્ર જીવન, સંકલ્પના એક પર્યાય સમુ છે. એમના બાળપણ, કિશોર કે યુવા અવસ્થા... અરે ! ગૃહસ્થાશ્રમ હોય કે પછી યોગીજીના યોગમાં આવ્યા બાદ, પણ એકેએક પડાવમાં, એકેએક સંઘર્ષમાં એમણે સંકલ્પશક્તિના માધ્યમથી સફળતા, સરળતા અને સિદ્ધિના રાહ ખોલ્યા છે. પપ્પાજી મહારાજ સ્વયં દિવ્ય સંકલ્પ શક્તિ દ્વારા આ પૃથ્વી પર અનંત સાધકો, મુકતો માટે, આધ્યાત્મિક પ્રાપ્તિની પ્રત્યેક રાહ પર તેઓશ્રી શાશ્વત રૂપે હાજરાહજૂર છે.

ગુણાતીત સમાજના સર્જનમાં કાકાજી, પપ્પાજી અને સોનાબાના પ્રાણ પથરાયા છે. યોગીજીની અનુવૃત્તિ પ્રમાણે આખાય સંપ્રદાયમાં પ્રથમ અને નૂતન કાર્ય. 'બહેનો ભગવાન ભજે અને એ પણ ભગવા વસ્ત્રોમાં' એમા પણ પપ્પાજી મહારાજની પ્રચંડ અને છૂપી સંકલ્પ શક્તિના પ્રભાવ છે. આપણને સૌ કોઈને જે કાંઈ પ્રાપ્તિ ઉપલબ્ધ છે તે સઘળી... કેવળ ગુરુહરિ પપ્પાજી મહારાજના નિષ્કામ સંકલ્પના ફળ સ્વરૂપે છે..

પણ એ સંકલ્પ કયો ? અનંત મુમુક્ષુઓ, મુકતો કે સાધકોના આત્માને આવી શુદ્ધ ઉપાસનાના રાહે મૂકી, દિવ્ય સુખ, શાંતિ અને આનંદથી, ધ્યેય પ્રાપ્તિ કરી શકે એ એમનો સંકલ્પ છે, સૌ કોઈ મુકતો પરમ ભાગવત સંત બને એ એમનો સંકલ્પ છે, સ્વભાવ રહિત થઈ સૌ કોઈ અક્ષરધામના સુખ, શાંતિ, આનંદ છતીંદિહે પ્રાપ્ત કરે એ એમનો સંકલ્પ છે, સમગ્ર ગુણાતીત પરિવાર સંપ,સુહૃદભાવ ને એકતાથી જીવે એ એમનો સંકલ્પ છે. અને હાં. શ્રીજી મહારાજ અને શ્રી યોગીજી મહારાજની અંતરની અનુવૃત્તિ સભર પપ્પાજી મહારાજનો એક સંકલ્પ જો એક જ વાક્યમાં કહીએ તો બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ઉપાસના કરવી. એ એમનો મુખ્ય સંકલ્પ છે જે શાશ્વત છે...આવનારી અનેક પેઢીઓમાં પણ શાશ્વત રહેશે. (ગુણાતીત પ્રકાશ પૂ.પીયૂષભાઈ)

## ૨૫૧. દિવ્ય બાનો અમૃતપર્વ

દિવ્ય બાના અમૃતપર્વ પ્રારંભે નવેમ્બરની છઠ્ઠી તારીખે બ્રહ્મજ્યોતિમાં તૈયાર કરેલ 'શક્તિધોધ' મંદિરમાં પપ્પાજીના દિવ્ય હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા થઈ. સભા મંડપ તરફ ગુણાતીત સમાજની ચારેય પાંખોના સફેદ, મરુન, ભગવા અને સ્કાય બ્લ્યુ રંગના ધ્વજ રોપાયા હતા. તે ધ્વજને જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન અને મોટેરા ભાઈઓના હસ્તે એકસાથે પપ્પાજીના કાર્યના જયનાદ સાથે ભક્તોની નિર્દોષબુદ્ધિના વિજયધ્વજ ચિદાકાશમાં લહેરાયા.

અમૃતપર્વ નિમિત્તે શિબિરસભા કરી. બીજે દિવસે બાના માહાત્મ્યગાનની સભામાં 'વહાલા બા', 'હું અને બા', 'સૌના બા' ત્રણ પુસ્તકનું અનુક્રમે શ્રી એચ.એમ.પટેલસાહેબ, પ.પૂ.કાકાશ્રી અને પ.પૂ.હરિપ્રસાદ સ્વામીજીના હસ્તે અનાવરણ કરાવ્યું. ગુણાતીત સ્વરૂપોના આશીર્વાદ લીધા. પ.પૂ.સાહેબના હસ્તે બાની મૂર્તિનું અનાવરણ કરી સમગ્ર સમાજના મુક્તોને ઘરદીઠ સ્મૃતિભેટ આપી.

આખા પ્રસંગમાં પપ્પાજીની સત્તા અને સામર્થીનું દર્શન ભક્તો દ્વારા જોવા મળ્યું. પપ્પાજી હંમેશા કહેતા કે, 'આપણે ખૂબ નસીબદાર કે આવા બા મળ્યા ! હજાર જન્મે પણ આવા બા ના મળે.'

ખરેખર બાના જીવનમાં જોઈએ તો બાએ નાનપણથી શાસ્ત્રીજી મહારાજની ભક્તિ કરી, જોગીમહારાજની ભક્તિ કરી. જોગીની રુચિ જાણી સંતો બનાવવાના કાર્યમાં સંપૂર્ણપણે ભળ્યા. પપ્પાજી–કાકાશ્રીને ભગવાનનું સ્વરૂપ માનીને સમર્પિત થયા અને એવું ને એવું જ પપ્પાજીના કાર્યમાં બંને દીકરીઓ સાથે પોતે પણ જોડાઈને ભગવાનનું કામ કર્યું. પપ્પાજીની આજ્ઞાએ સાહેબ અને ભાઈઓમાં ભગવાન આપવાનું કાર્ય કરી, ભાઈઓમાં પ્રેમ, પ્રાર્થના અને વાત્સલ્યભાવે માહાત્મ્ય અને નિર્દોષબુદ્ધિ દ્રઢ કરાવી પ્રભુમય બનાવ્યાં. એવાં દિવ્ય બાના અમૃતપર્વ પ્રસંગે દીદીએ બનાવેલ 'ધર્મવંશ અમર' સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સૌ માહાત્મ્યમાં તરબોળ થયા.

પરદેશથી પધારનાર ભક્તો આનંદસહિત હસતા રમતા આત્માનું ભાથું અને સ્મૃતિ લઈને જાય એ હેતુથી તેઓ માટે ગુરુસ્વરૂપો સાથે આબુ, ઉદયપુરની યાત્રાનો કાર્યક્રમ ગોઠવ્યો.

બ્રહ્મજ્યોતિ પર 'બ્રહ્મપુરી વિલેજ પાર્ટી'નું આયોજન કરી બ્રહ્માનંદ કરાવ્યો. અને 'સદ્ય સિદ્ધ સાધના' સરળ અને આનંદદાયક કઈ રીતે બને? તે વિષય પર મોટેરા સદ્ગુરુ સ્વરૂપો પાસેથી આધ્યાત્મિક સૂઝ આપતી શિબિર પણ કરાવી.

ખરેખર પપ્પાજીના આ દિવ્ય કાર્યનું દર્શન ખૂબ ભવ્ય છે. એમણે એવા ગુણાતીત સમાજનાં જંગમ મંદિરો તૈયાર કર્યા, તેઓ પપ્પાજીના કાર્યમાં સાથ આપે એવા મુક્તોને તૈયાર કરી રહ્યા છે. ધન્ય છે પપ્પાજી! આપને અનંત વંદન... !

## Report of religious tour

Shree Gunatit Jyot Mahila Trust organized religious tour for Brahmkillol group of Vidyanagar from 21st to 23rd December 2025 to experience the spiritual heritage and architectural marvels of Saurashtra temples, near by Junagadh.

**The visits included**

Manilakshmi tirth, Gadhda Swaminarayan Mandir, Gondal Swaminarayan Mandir, Gunatit Jyot - Manavadar, Panchala Swaminarayan temple, Loj Swaminarayan temple, Madhupur, Somnath, Gunatit Jyot - Rajkot, Rajkot Bordi Mandir.

**Conclusion :**

The aim of a religious tour is primarily to seek spiritual fulfillment, personal transformation, and a deeper connection with the divine. All the twenty participants were very thankful to Shree Gunatit Jyot Mahila Trust for planning this religious tour.

## સત્સંગ સમાચાર

## તા.૨૭, ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ : ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ.તારાબેનના 'પરમ આતમ પર્વ' ૯૫મા પ્રાગટ્ય પર્વની ઉજવણી...

### તા.૨૭.૧૨.૨૦૨૫ : સાંસ્કૃતિક કાર્યક્રમ 'પરમ આતમ સ્વરૂપ દર્શન'

તારાબેન એટલે ગુણાતીત સ્વરૂપ. સર્વોત્તમ સ્વરૂપનિષ્ઠા, અખંડ ભાવસમાધિ આધ્યાત્મિક સમતા, તટસ્થભાવ, અખંડ દિવ્યભાવની જ્યોત એટલે તારાબેન. તેઓ પળેપળનું પ્રભુલક્ષી જીવન રાખીને વર્ત્યા છે. તેમના જીવનમાંથી પ્રભુતાના આંદોલન વહ્યા કરતાં આપણે નિહાળ્યા છે. તારાબેનની પ્રાપ્તિની સભરતા અનોખી હતી. દિવ્યભાવની દ્રઢતા પણ અદ્‌ભુત. જે કોઈ સંબંધમાં આવ્યા તેમની ચૈતન્ય મા બનીને અક્ષરધામના સુખની લ્હાણી કરી છે એવાં તારાબેનના ૯૫મા પ્રાગટ્યપર્વ 'પરમ આતમ પર્વ'ની આપણે ઉજવણી કરી.

સાધુગુણેયુક્ત બાઈઓ તૈયાર કરવાનો જે મહારાજનો સંકલ્પ શ્રી યોગીજીમહારાજે ઝીલ્યો ને ગુરુહરિ પપ્પાજીમહારાજ થકી પ.પૂ.તારાબેન, પ.પૂ.જ્યોતિબેને આ માર્ગે પહેલ કરીને શ્રી ગણેશ કર્યા. પોતે પારસથી પારસ બન્યા. ને એ પારસમણિનો સ્પર્શ અનેકને કરાવ્યો તો આજે અનેક બહેનોએ એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આ માર્ગે ઝંપલાવ્યું.

સંબંધીઓને શાંતિના સુખસાગરમાં ડૂબકી મરાવીને પ્રભુરૂપી સાચા મોતીની પ્રાપ્તિ કરાવી છે. એવાં તારાબેનને પરમ આતમ પર્વે અનંત વંદના.

ઈ.સ.૨૦૨૫ની સાલની પૂર્ણાહુતિ પ.પૂ.તારાબેનના ૯૫મા પ્રાગટ્યપર્વથી થઈ રહી હતી તેનો આનંદ તા.૨૭, ૨૮મીએ પ્રત્યક્ષ કરી રહ્યા હતા ત્યારે એક અનોખો માહાત્મ્યભાવ વહી રહ્યો હતો.

ઈ.સ.૧૯૫૨માં જ્યારે આધ્યાત્મિક ક્રાંતિકારી યોજનાનો પ્રારંભ બ્ર.સ્વ.યોગીજી મહારાજના વચને ગુરુહરિ પપ્પાજી મહારાજ અર્થાત બાબુભાઈ પટેલ દ્વારા થઈ રહ્યો હતો. ત્યારે તેમણે પ.પૂ.તારાબેનને કહેલું કે, 'આપણે એક આશ્રમ બાંધીશું ને એની ગૃહમાતા તને બનાવીશ.' અને અવિભક્ત આત્માનું એમને બિરૂદ અપાયું. આ બે બિરૂદની આછી ઝાંખી કરાવતી 'પરમ આતમ સ્વરૂપ દર્શન' નામે સંવાદ નાટિકા પૂ.મયુરીબેન પારેખે લખી એને મલ્ટી મિડિયા શો, કલાનૃત્ય તેમજ અભિનય દ્વારા પ્રસ્તુત કરી.

આ કાર્યક્રમના પ્રારંભે ગુરુહરિ પપ્પાજી મહારાજના 'શાશ્વત સંકલ્પ પર્વ'ની સ્મૃતિમાં ભાવદર્શન કર્યા. અને પછી પરમ આતમ પ.પૂ.તારાબેનનું ગૃહમાતા પદ અને અવિભક્ત આત્માના પદની પૂ.ધર્મિષ્ઠાબેન મોઢની રચનામાં સ્તુતિ વંદના કરી અને મુક્તોના અનુભવદર્શન દ્વારા તારાબેનના માહાત્મ્યને તેમજ ગુરુહરિ પપ્પાજી મહારાજના હૃદયોદગારો અને આશિષને માણ્યા. સ્વરૂપોના માહાત્મ્યદર્શને સૌએ ભવ્ય માહાત્મ્યભાવ માણ્યો. જૂના ઈતિહાસને તાજો કરતા આ યુગકાર્યના કર્તા ગુરુહરિ પપ્પાજી મહારાજનો, તેમના કાર્યનું નિમિત્ત દર્શન કરાવતા પ.પૂ.તારાબેનનો અને સાથે સાથે જે પ્રસંગો પસંદ કરેલા તે મુક્તોનો પણ મહિમાનો સ્પર્શ થયો કે મુક્તોએ પણ કેવા અહોભાવે ગૃહમાતાનો અનુભવ કર્યો. જેમાં પપ્પાજી મહારાજની ગરિમા પ્રત્યક્ષ થઈ. સૌ ધન્યતાના ભાવમાં આનંદિત થયા.

ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.તારાબેન, પ.પૂ.હંસાદીદીને ભાવાર્પણ કર્યા અને પ.પૂ.દીદીએ આશિષવર્ષા કરી. તેના સારનું મનન કરીએ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ખરેખર કાર્યક્રમ અદ્‌ભુત હતો. થોડી થોડી વારે પ્રસંગ આવે, ભજન આવે, નૃત્ય આવે. આનંદ થયો. તારાબેન સાથે ૧૦ વર્ષની હતી ત્યારથી સાથે હતી. તારાબેનના સ્વભાવમાં ધીરજ રાખવાની સહજતા હતી. માહાત્મ્યભર્યું જીવન હોય તો ભગવાન સાથે જ હોય. તારાબેનને કોઈ વાતનો આગ્રહ નહીં. સેવાની ગરજ. પછી કોઈપણ સેવા હોય. એવું આપણે પણ શીખીએ.

## તા.૨૮.૧૨.૨૦૨૫ : પ.પૂ.તારાબેનના 'પરમ આતમ પર્વ'ની મુખ્ય સભા

ઉત્સવ સુશોભન સાથે સંકળાયેલ પ્રભુકૃપા તીર્થધામમાં મધ્યમંદિરે છીપ આસને બિરાજમાન ગુરુહરિ પપ્પાજી મહારાજ અને તારાબેનના નિજ નિવાસે રંગરંગીન છીપ આસને પધરાવેલ પપ્પાજી મહારાજના દર્શન કરતા સૌ ભાવવિભોર થયાં. અને જ્યોત પ્રાંગણે પંચામૃત હૉલમાં 'તારકદ્વાર' સૌને માટે આકર્ષક દ્વાર હતો. ગૃહમાતા અને અવિભક્ત આત્માનું નામ તારાબેનનું પ્રતીક અને એમણે આપણા માટે આ રાજમાર્ગ આપી અક્ષરધામમાં મૂકી દીધા. અબજોની વસ્તીમાંથી આપણને પસંદ કર્યા. તેનો હવે પાકો અનુભવ થયો. એ તારકદ્વારની સ્મૃતિમાં સૌ સભર હતા.

તા.૨૮મીએ સવારના ૯:૩૦ વાગે પ્રભુકૃપા તીર્થધામેથી ગુરુહરિ પપ્પાજી મહારાજને લઈને કિશોર તથા બાળ મંડળના મુક્તો 'બાજે શંખ રૂડા...' ભજન પર ભાવનૃત્ય સાથે જ્યોત તરફ આવી રહ્યા. ત્યાં મધ્યમાર્ગે ગુણાતીત પ્રકાશના ભાઈઓએ પુષ્પવર્ષા કરી વધાવ્યા. ત્યારબાદ તારકદ્વારેથી ભૂલકાઓ રથની આગળ નાચતા આવી રહ્યા હતા ત્યારે થતું હતું કે, આ બાળમંડળને આ ગૃહમાતાના ૯૫મા પ્રાગટ્યપર્વની ભવ્ય સ્મૃતિ અને દિવ્યભાવની તાલીમ મળી રહી છે. જયનાદ સાથે સ્વાગતભાવ અંબરે પહોંચ્યો. પપ્પાજી હૉલના દ્વાર પાસે પપ્પાજીનો રથ આવી પહોંચ્યો. ત્યાં પૂ.મીનલબેન ખેતવાડી અને પૂ.મીન્ટુબેન ગુરુહરિ પપ્પાજી મહારાજને પ.પૂ.દીદી બિરાજમાન હતા ત્યાં લાવ્યા અને દીદીએ પપ્પાજી મહારાજને ગુલાબનો હાર અર્પણ કર્યો. સૌએ ભાવવિભોર હૈયે એ દર્શન માણ્યાં.

પપ્પાજી હૉલમાં સ્વાગત રથમાં અવિભક્ત આત્મા – પરમાત્માને બિરાજમાન કર્યા. એ મનોરમ્ય છીપમાં દર્શન થઈ રહ્યા હતા. પપ્પાજી હૉલના દ્વારથી પ.પૂ.દીદી સાથે પ.પૂ.તારાબેનના સર્જન સ્વરૂપો પ.પૂ.દયાબેન, પ.પૂ.માયાબેન અને પ.પૂ.મીનાબેન ગાંધી સ્વાગત રથ તરફ પધાર્યા. પ.પૂ.દીદીએ સ્વાગતપથ પરથી અડગ પગલે સંકલ્પ સહ સ્વાગત રથને આવકારવા સ્ટેજ પાસે સ્થાન લીધું. ત્યારબાદ સ્વાગતરથમાં બિરાજમાન ગુરુહરિ પપ્પાજી મહારાજને પૂ.સોનલબેન ભોજાણી અને પ.પૂ.તારાબેનને પૂ.હેતલબેન ઈડરે પૂજન કરી હાર અર્પણ કર્યા. ત્યારબાદ શ્રીજી મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.તારાબેનનો આભાર માનતા શંખનાદ સાથે આરતી કરી. સ્ટેજ આગળ બિરાજમાન પ.પૂ.દીદીએ આરતી ઉતારી સાથે સાથે પ.પૂ.દયાબેન, પ.પૂ.માયાબેન, પ.પૂ.મીનાબેન ગાંધી અને સભાખંડમાં બિરાજેલા હરિભક્તો આરતીમાં જોડાઈને શ્રીજી મહારાજના ચરણે ભક્તિ પહોંચાડી.

ત્યાર બાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત ભજન 'અવિભક્ત વિભૂતિનો જય જય બોલો....' સૂણતા ભાવદર્શન માણ્યા. સૌએ પરમ આતમને ઋણભાવે કોટિ કોટિ વંદન કર્યા. અને ગુરુહરિ પપ્પાજી મહારાજ તેમજ તારાબેનનો સ્વાગતરથ જલનિધિ પથ પરથી ધીમી ગતિએ ભજનના રાગ, તાલે આવી રહ્યો. મંચ પાસે રથ વિરામ પામ્યો.

આજના સુશોભનમાં સ્ટેજ પર જે જલનિધિ ઉછળી રહ્યો ને સ્ટેજ પરથી શ્રોતાગણમાં એ નીર વહી સ્વાગત પથ પર વહી રહ્યા હતા. અને સ્ટેજની ધાર પર સ્ટેજના મુખ્ય આસન પર તથા સ્વાગતરથ પર જે છીપ અને મોતી દ્રશ્યમાન હતા તે અવિભક્ત આત્માની યશગાથારૂપ હતાં.

સભા પ્રારંભે આવાહ્ન શ્લોક બાદ મયુરીબેન પારેખ રચિત 'પૃથ્વી પરે આ અક્ષરધામ...' ભજનમાં પ્રત્યક્ષ પ્રભુની કૃપાના તીર્થધામ અને તેમના યુગકાર્યના જડ-ચેતનના મહિમાની રજ શિરે ધારી સ્વાગત નૃત્ય દ્વારા સૌને કોટિ વંદનાના ભાવ ધર્યા.

સભાનું સંચાલન કરતા પૂ.સ્મૃતિબેન દવેએ મહિમાગાન કર્યું કે, બ્ર.સ્વ.કાકાશ્રીને સાક્ષાત્કાર કરાવ્યા બાદ ગોંડલથી તેમણે પત્ર લખ્યો જેમાં તારાબેનનું નામ નહોતું લખાયું. એ જાણી એમણે વગર સમાગમે પ્રથમ જ પ્રભુને પ્રાર્થના કરી હાક મારી. એ આંતરિક પોકાર પ્રભુએ સાંભળ્યો ને મોમ્બાસામાં બિરાજમાન બાબુભાઈ

નાથાભાઈ પટેલ જે નિષ્કામ સેવાની રાહ જોઈ રહ્યા હતા. તેમને ભારત પધારવાની આજ્ઞા બ્ર.સ્વ.યોગીજી મહારાજે કરી. અને મોમ્બાસાથી S.S.Kampala સ્ટીમરમાં ઈ.સ.૧૯૫૨ના ૧૫મી એપ્રિલે રીટાયર્ડ થઈને બી.એન.પટેલ ભારતભૂમિએ આવી રહ્યા હતા. તેનો આનંદ દરિયાદેવે ઉછળી ઉછળીને કર્યો. બે દિવસ સુધી એ સ્ટીમરે એ જ દરિયામાં આંટા માર્યા અને ૧૭મી એપ્રિલે ડોક પર આવી ઊભી.

કોને ખબર હતી કે આ આધ્યાત્મિક ક્રાંતિકારી યુગકાર્યનું ભગવાન સ્વામિનારાયણનું કાર્ય પ્રત્યક્ષ કરનાર, સાધુ સ્વરૂપ બહેનોને સાધુ સ્વરૂપ બનાવવા પધારી રહ્યું છે. એ પોકાર કરનાર અવિભક્ત આત્માએ ઓળખ્યું. એમના સિદ્ધાંતનું સ્પષ્ટ પાલન કરવાની માહાત્મ્યસભર સમજણ આધ્યાત્મિક પ્રીતિ અને સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વકના અતૂટ વિશ્વાસે ભવસાગર તરી જવા શ્રીજી મહારાજના વચન ઝીલ્યા ને મોતી શોભી રહ્યા તે મોતીચલ રાહ અને ભવસાગરના સાચા મોતી સમ ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.તારાબેન છીપમાં બિરાજીને પ્રેરણા અર્પી રહ્યા હતા. પપ્પાજી હૉલમાં દિવ્ય જલનિધિના ભાવ પ્રવાહના અદ્‌ભુત દર્શન થતા હતા. મહારાજની કૃપાએ બ્ર.સ્વ.સોનાબા ને બ્ર.સ્વ.શાસ્ત્રીજી મહારાજે વચન આપેલા કે, બંને દીકરીઓ જ્યોતિ–તારાના પોટલા અમને સોંપી દો. ને એ આશિષવચન બ્ર.સ્વ.યોગીજી મહારાજે સાકાર કરવા દિવ્ય બાબુભાઈની પસંદગી કરી. 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું !!' કહી એ પોટલા પૂર્ણ પુરુષોત્તમનારાયણને વરી ચૂક્યા. અને તેઓએ આપણને એ પ્રત્યક્ષ સ્વરૂપની નિષ્ઠા કરાવી. જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેને આ કઠિન રાહને રાજમાર્ગ બનાવ્યો. ને આપણને ગ્રહણ કર્યા તો આ દેહના પોટલા નહીં પણ આપણા ઈંદ્રિયો, અંત:કરણના, મન, બુદ્ધિ, ચિત્ત, અહમ્‌ના પોટલા આજે આ દરિયાદેવમાં ફેંકી દે અને પપ્પાજીનું કાર્ય બની રહેવા બળ આપે.

આપણે સદાય તેમની આશિષવર્ષામાં ભીંજાયેલા રહીએ તેવી પ્રાર્થના સાથે સમગ્ર સમાજ વતી હાર અર્પણ થયા. ગુણાતીત જ્યોત, યુ.કે.જ્યોત, અક્ષરજ્યોતિ (દિલ્હી), ગુણાતીત પ્રકાશના ભાઈઓ, નિજ યુગકાર્યના ભક્તો વતી ભાવાર્પણ થયા. સ્વરૂપોને કલગી અર્પણ કરી. જેમાં વહાણમાં પુષ્પો અને લાઈટીંગ દ્વારા ભાવ રજૂ કર્યો કે, ભગવાન ભજવાનો રાહ ખોલી અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરીને એ પ્રકાશથી અમારા આત્મામાં બિરાજ્યાં. ત્યાર બાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'સ્નેહાર્દ છો, સૌહાર્દ છો...' ભજન ગવાયું. ગુરુહરિ પપ્પાજી મહારાજ, પ.પૂ.તારાબેનના આશિષ લઈ સભર થયા. માહાત્મ્યગાનમાં મોટેરાં સ્વરૂપો, મુક્તોના લાભ લીધા. તે માહાત્મ્ય, અનુભવોના સારને માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** જોઈએ છે કે તારાબેને સ્થિતિ કરી લીધી. અનંતને ટાઢું કરી નાંખે તેવાં થઈ ગયાં. તારાબેનનું બ્રહ્મસૂત્ર 'પરાણેય દિવ્યભાવ પકડી રાખો.' તેમના થકી દયાબેન, માયાબેન, લીલાબેન, મીનાબેન પાકી ગયા. એમની દ્રષ્ટિ પડે ને સામા ચૈતન્યમાં બ્રહ્મભાવ થઈ જાય. આવું ને આવું કાર્ય ચાલતું રહે તેવી તારાબેનને પ્રાર્થના.

ભગવાન ભજવાનું સહેલું છે. પણ સિદ્ધદશા પ્રાપ્ત કરવાની અઘરી છે. તારાબેનનું વર્તન જ વાતુ કરે છે. બધાને રસ્તો બતાવે અને સૌમાં ઉગે તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.તારાબેન :** વિશ્વશાંતિ દિને પપ્પાજી પ્રગટ્યા. ભગવાન ધારક, ગુણાતીતભાવમાં ૨૪ કલાક રહેતું સ્વરૂપ. એમને ખાલી જીવનું જ કલ્યાણ કરવું હોય. બીજું એમનામાં કાંઈ નથી. ફક્ત ભગવાન જ આપવા છે. એટલે આપણી સાધના સહેલી થઈ ગઈ. આછુંપાતળું ય કાંઈ એમનામાં હોત તો જન્મમરણના ફેરા ન ટળત. આ તો સામેથી મળ્યા ને સ્વરૂપ ઓળખાવ્યું છે. આપણે શું ઓળખવાના હતા? ગમે તેટલા તપ, વ્રત, જપ કરીએ તે બધું મનમુખી જ ને ! આવા સત્પુરુષ જેને ચૈતન્યના ડાઘા કાઢવાનું જ તાન છે. એને બધી ખબર છે. અંતરથી રાંકભાવે કાકલૂદી કરીએ તો એ ચોક્કસ બળ આપશે.

પ.પૂ.શોભનાબેન : પપ્પાજીનો શાશ્વત સંકલ્પ આપણા જીવનમાં કાર્ય કરી જ રહ્યો છે. તે આપણા આખા બ્રહ્માંડને જીતાડી દેશે. આપણા બધા પોટલા ઓગળી જાય તેવું આપણા અંતરમાં સુખ લેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે. આબાલવૃદ્ધ સૌને આનંદ માણવાનો ચાન્સ મળ્યો. તારાબેને ૨૪ કલાક પોતાને જે સ્વરૂપ મળ્યું તેને ધારી લીધું. એ સિવાય રુંવાડે રુંવાડે કાંઈ ન હોવું જોઈએ તેવું જીવી લીધું ને આપણને આદર્શ આપ્યો. પપ્પાજીએ આ છ સ્વરૂપોની ભેટ આપી કે મને ઓળખવો હોય તો આ સ્વરૂપોને સેવી લેજો. તારાબેને પપ્પાજીના કોઈપણ ચરિત્રમાં મનુષ્યભાવ લીધો નથી. પપ્પાજી સૌને પોતાનું સુખ આપવા બેઠા છે. ગૃહી–ત્યાગી બધાએ એ જ કરવાનું છે. હજી પણ કાંઈ આવરણ, ખોટ હોય તે ટાળી દઈએ. આપણી દરેક પળ પપ્પાજીની સ્મૃતિ, વચન વગર જીવાય નહીં તેવી રાખવી. સ્વરૂપોને પપ્પાજી સાથે એકત્વ છે તેવું આપણે સાધી લઈએ એ જ પ્રાર્થના.

ગુણાતીત પ્રકાશ પૂ.સુરેશભાઈ ગાંધી : તારાબેને મારા જીવનમાં ઘણું કાર્ય કર્યું છે. મને જો પપ્પાજીમાં નિષ્ઠા કરાવી હોય તો તે તારાબેને કરાવી. કર્મયોગમાં પ્રસંગ બન્યો. તારાબેનને વાત કરી તો કહે, પ્રભુકૃપામાં પપ્પાજીને વાત કર. મેં કહ્યું તમે જોડે ચાલો. તો કહે ના. ને મેં પપ્પાજીને વાત કરી. ત્યારે પપ્પાજીનું અદ્‌ભુત દર્શન થયું. અમારા આખા પરિવાર પર તેમનો સંકલ્પ કામ કરી રહ્યો છે તે ખબર પડે છે.

તારાબેનમાં અસાધારણ હેત ને પ્રીતિ natural wayમાં છે. તારાબેન એકસ્ટ્રા વાત ન કરે. તારાબેન જીવનમાં ન હોત તો ઘણી તકલીફ પડત. એમણે એટલું બધું સાચવી લીધું.

જ્યારે મારી માંદગીનો પ્રસંગ બન્યો ત્યારે પપ્પાજીએ કાગળ લખ્યો કે, 'હું તારાબેનને મોકલું છું.' તારાબેન ૩૫–૪૦ દિવસ બોરીવલી જ્યોતમાં રહ્યાં. રોજ બપોરે આવે ને વાતો કરતાં. અત્યારે એ પપ્પાજી, તારાબેનનું રખોપું જીવંત લાગે છે. ગઈકાલે સાંસ્કૃતિક કાર્યક્રમમાં જે ટેકનીકલ પ્રોબ્લેમ આવ્યો તે તારાબેનના જીવનશૈલી જેવું જ હતું કે, આપણે ભજન કરો ને દિવ્યભાવ રાખો.

અત્યારે જે કાંઈ છીએ તે બધું એમના લીધે છે. એવા ઘણા પરિવાર છે જેમના જીવનમાં તારાબેને ખૂબ કામ કર્યું છે ! અત્યારે આપણા સમૈયા શિબિર જેવા જ થાય છે. તેમાંથી કંઈક મેળવીને અંતરથી ભર્યા ભર્યા જઈએ.

પપ્પાજી, તારાબેન, દીદીને પ્રાર્થના કે જેમ તમે અમારો આધાર બન્યા છો, તમને અમારા તરફથી જે આશા છે તે પૂરી કરું. લાઈફમાં જે વધારો આપ્યો છે તેનો સદ્‌ઉપયોગ કરી પપ્પાજીનું કાર્ય બનું. તારાબેને કહેલું કે don't play with fire. અમે તમારા સિદ્ધાંતને ફાયર ન કરીએ. સિદ્ધાંતને ફાયર કરીએ તો પ્રભુ જતાં રહે છે તેની ખબર પડે છે. પ્રસંગો બને છે પણ હવે તો ખરેખર બે–ત્રણ મિનિટમાં પાછા આવી જવાય છે. કાંઈ કહેવાનું નથી રહેતું. તમે ઘરે જે મૂર્તિ પધરાવી છે તેને કહીએ છીએ. હવે અમે વેસ્ટ થયા વગર તમારા માટે બેસ્ટ બનીએ તેવી સૌ ગુણાતીત પ્રકાશના ભાઈઓ, સર્વ મંડળો અને પપ્પાજી પરિવાર વતી તમને પ્રાર્થના.

પૂ.અશોકભાઈ ખાંટ (કરમસદ) : હું એક ચિત્રકાર છું. છેલ્લા ૪૮ વર્ષથી વિદ્યાનગરમાં રહીને કળાક્ષેત્રે હું મારી સાધના કરી રહ્યો છું.

પ.પૂ.પપ્પાજીના ભક્તિ ઉત્સવ નિમિત્તે તૈલીચિત્ર બનાવવાનું નક્કી થયું ને દીદીએ એ કાર્ય મને સોંપ્યું. આમ પપ્પાજીના વ્યક્તિ ચિત્રો મેં તૈયાર કરી આપ્યા. જે ચિત્રો અત્યારે સ્મૃતિમંદિરમાં મૂક્યા છે.

મારું એક પુસ્તક જેમાં મારી કળાક્ષેત્રની બાયોગ્રાફી મેં લખી છે. તેમાં મેં એક ચેપ્ટર 'ગુણાતીત જ્યોત' નામે લખેલું છે. કામ કરતી વખતે મારા મનને બહુ સ્પર્શી ગયેલા અને અનુભવ થયેલા તે એમાં મેં લખ્યા છે. તેમાનું વાંચન કરું છું.

પપ્પાજીના જૂના ફોટા પરથી મારે ચિત્ર બનાવવાના હતા. પપ્પાજીના જીવન સાથે સંકળાયેલા સમયને તાદશ્ય કરી ઉત્તમ કલાકૃતિનું રૂપ આપવાનું હતું. પપ્પાજીના ફોટોગ્રાફ પર સતત નિરીક્ષણ કરતા રહેવાથી,

તેમની આંખો અને હોઠ પરના સ્મિત સાથે મારે એક અનોખો તાદત્મ્ય બંધાઈ ગયો. સતત ઉપાસનાએ જાણે પપ્પાજી સાથે પ્રત્યક્ષતા થઈ ગઈ હોય તેવું મેં સર્જન વેળાએ અનુભવેલું. ચાર આંખોનો મૂક સંવાદ પીંછી વડે કેનવાસમાં ઉતરવા લાગ્યો. એક અજીબ સ્ફુર્તિ મારા રોમેરોમમાં વ્યાપી ગયેલી. મેં મન મૂકીને કામ કર્યું. સર્જનની આ પળોમાં પરમ આનંદ અને ધગશથી હું છલોછલ હતો. ઉત્કૃષ્ટતાની સીમા સુધીના કાર્ય કર્યાનો સંતોષ મારા હ્દય સુધી ઉતરતો ચાલ્યો...

સહજાનંદસ્વામી સાથે મારો નાતો બંધાયેલો રહ્યો છે. તેમના ૧૫૦ જેટલા ચિત્રો તૈયાર કરવાનું કાર્ય હાલ કરી રહ્યો છું. ચિત્રકાર તરીકે અમારું જીવન ભક્તિ સાથે જોડાયેલું હોય છે. અહીં આવવાનું આમંત્રણ આપવા બદલ હું સૌનો આભાર વ્યક્ત કરું છું.

**પૂ.પ્રીતિબેન માવાણી :** તારાબેને જીવનમાં જે જરૂરી છે તે માટે ઘણું કામ કર્યું છે. નાની હતી ત્યારથી આત્માનું જતન કર્યું છે. ઘરમાં કાંઈપણ થાય ને પ્રાર્થના કરી હોય તે પપ્પાજી, તારાબેનને પહોંચે જ. અહીં આવીએ એટલે અમારો હાથ પકડી આંટા મારે ને અમારા લેવલે આવીને વાતો કરે. ને ધીમે ધીમે વાતો કરીને શું કરવા યોગ્ય છે તે શીખવાડતા ગયા. માનસિક વલણ કેળવ્યું. દુનિયામાં બધું જ હોય તેમાંથી આપણે શું કામનું છે તે જોવાની દ્રષ્ટિ કેળવી. તારાબેને ખૂબ શ્રમ કર્યો છે. ચૈતન્ય મા બન્યા છે. તારાબેને એટલી આત્મીયતા કેળવી કે એમને બધી વાત કરી શકાય. તેવો નિષ્કપટભાવ કેળવાયો. આધ્યાત્મિકતામાં આગળ વધવાનો બેઝ તૈયાર કરી આપ્યો. આપણે કાંઈપણ કરવાનું હોય ત્યારે પપ્પાજી પર નાંખી દેવું ને મ્યાંઉ મ્યાંઉ કરવાનું તે બધું સંભાળી લેશે. રીઝલ્ટ ગમે તે આવે. આમ પપ્પાજીનો આધાર લેતા શીખવ્યું. જેવા છીએ તેવા તમારા છીએ. હંમેશા તમને સાથે રાખીએ તેવું બળ આપજો તેવી પ્રાર્થના.

**પૂ.સલોની દેસાઈ (કરમસદ) :** હું બહુ લકી કે સત્સંગી ફેમીલીમાં જન્મ મળ્યો. પપ્પાજીએ વર્તમાન ધરાવ્યા છે. તારાબેનનાં દર્શન નથી કર્યા પણ તેમને પ્રાર્થના કરું ને તે સાંભળે છે. ઘરમાં તારાબેનની સ્મૃતિની વાતો થાય ત્યારે લાગે કે મેં દર્શન નથી કર્યા... તો ગયા વર્ષે મને સ્વપ્નમાં તારાબેન અને પપ્પાજી મહારાજના દર્શન થયા.

મારે કોલેજમાં પોર્ટફોલિયો આપવાનો હતો. તેમાં આગળપાછળ કાળું કવર મૂકવાનું હોય. બહુ ટ્રાય કર્યો પણ મળતું નહોતું. મીનાબેનને વાત કરી તો કહે તેમાં આગળ પાછળ સ્ટાર કરી દે. ને એવું કર્યું ને પપ્પાજીને પ્રાર્થના કરી કે હે પપ્પાજી, હે તારાબેન ! હવે આ તમને સોંપુ છું તમે સંભાળજો. એમ પ્રાર્થનાનું પેપર વેઈટ મૂક્યું તો સરળતાથી થઈ ગયું.

આજે પહેલીવાર બોલવાનું હતું તે માટે પણ તારાબેનને પ્રાર્થના કરી તો અત્યારે મને બીક નથી લાગતી. અંતરમાં અનુભવ છે કે પ્રાર્થના કરીએ તે સાંભળે છે. બોલાવીએ તો આવે છે. ને કદાચ માંગણી પૂરી ન થાય તો એ મારા હિતમાં જ છે તેમ મનાય છે. હે તારાબેન ! હું તમને ગમે છે તેવું જીવન જીવું અને આજીવન સેવા કરતી રહું તેવી પ્રાર્થના.

**પ.પૂ.માયાબેન :** પરિશ્રમ પપ્પાજી અને તારાબેને કર્યો. જે યુગ ૧૯૫૨નો હતો. ભગવાન ભજવાની પહેલ કરી. વિશ્વાસથી બંધાયા, વચનથી બંધાયા. જે વચન મળ્યું તેમાં તારાબેને કુરબાની કરી દીધી. તે વખતના જમાનામાં પપ્પાજીને આ ચાર બહેનોએ સેવ્યા ને તે રૂપ બની ગયાં. તેમના બલિદાન પાયામાં છે. તેમાંથી બીજા સ્વરૂપો પ્રગટ્યા. પપ્પાજી સ્વયં બોલ્યા કે જ્યોતિબેન, તારાબેન, હંસાદીદી ને દેવીબેન આ ચાર પર આ જ્યોત બાંધી છે. પપ્પાજીએ કહેલું કે તારા, તને ગૃહમાતા બનાવીશ. તેનું સાકાર દર્શન કર્યું છે. આ સ્વરૂપે જે કાર્ય કર્યું છે તે યાવત્ચંદ્રદિવાકરૌ રહેશે. એમણે આપણને બ્રહ્મરૂપ બનાવવા છે. આપણી એક પળ પણ બગડવા નથી દેવી. આપણી પ્રકૃતિ બદલી રહ્યા છે. બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાનું વ્રત લીધું છે. તેના આ શિલ્પકારો છે. તારાબેને 'પરાણેય દિવ્યભાવ પકડી રાખો' તે બ્રહ્મસૂત્ર આપ્યું. મનુષ્યરૂપમાં સત્પુરૂષની પ્રત્યેક ક્રિયાને દિવ્ય માનવાની અઘરી છે.

તે તારાબેને સરળતાથી સ્વીકારીને આદર્શ આપ્યો.

તારાબેનના જીવનમાં એક તુંહી તુંહીનો નાદ. એમણે અમારા માટે ભજન કર્યું છે. તો જ અમે સાધના દરમ્યાન અભાવમાં નથી પડ્યા. પ્રસંગોમાં અમારો પક્ષ રાખ્યા વિના આધ્યાત્મિક જતન કર્યું. અમને પપ્પાજી સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. આવા સત્પુરુષના જીવનનો હાર્દ લઈ જીવવા માટે સમૈયા કરીએ છીએ. તારાબેન આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિનું સ્વરૂપ. એમણે બધામાં પપ્પાજીને જોયા છે. ને અમારામાંથી બધા આકાર વિલીન કર્યા છે. ૧૯૬૭માં હોળી ધૂળેટી પર હું આવી ને ત્યારથી મેં એમને મારા ગુરુ તરીકે સ્વીકાર્યા. પપ્પાજીએ આ હીરા મૂક્યા છે તેનું ઓજસ વધારવું છે. આપણા અંતરમાં બધું જ ચાલતું હોય પણ એની ગોદમાં બેસી જઈએ તો શાંતિ રહેશે. આપણે સૌ તેમણે કરેલા પરિશ્રમને સાર્થક કરીએ તે જ પ્રાર્થના.

**પૂ.નીરવાબેન ગામી (રાજકોટ) :** મેં પપ્પાજી તારાબેનનાં દર્શન નથી કર્યા. અમે સત્સંગ વિશે જાણતા નહોતા. પણ મંજુબેને પ્રાર્થના કરતા શીખવ્યું. મારા પપ્પાને હાર્ટની તકલીફ થયેલી. ડૉક્ટરે કહ્યું કે કદાચ સ્ટેન્ટ મૂકવો પડે પણ રીપોર્ટ કરાવ્યો તો બાયપાસ કરાવવું પડે એવું હતું. બીજા બે-ત્રણ ડૉક્ટરોનો ઓપીનીયન લીધો તો તેમણે પણ એવું જ કહ્યું. મને એમ હતું કે ઓપરેશન ના કરાવવું પડે તો સારું. ને પપ્પાજીને પ્રાર્થના કરી. તો જાણ થઈ કે દેશી દવાથી સારું થઈ જાય. એ દવા કરી તો સારું થઈ ગયું આમ પપ્પાજીએ પ્રાર્થના સ્વીકારી.

સત્સંગમાં આવ્યા ત્યારથી જીવન બદલાઈ ગયું છે ને સુખી થઈ ગયા છીએ. હે પપ્પાજી ! હે તારાબેન ! તમને ગમે છે તેવું જીવન બને એ જ પ્રાર્થના.

ત્યાર બાદ પ.પૂ.તારાબેન માટે બનાવેલા ભજનો, તારાબેને ગાયેલા ભજનો, તેમણે વહાવેલી પરાવાણીની **પેન ડ્રાઈવનું અનાવરણ છીપમોતીના સુશોભિત પ્રતીકમાંથી પૂ.મયુરીબેને પ.પૂ.દીદીના હસ્તે કરાવ્યું.** અને 'મારું જીવન સહજ થાજો...' એ તારાબેનના સૂરમાં ભજનમાં સૌ ભાવવિભોર થયા.

**આશીર્દાન પ.પૂ.દીદી :** દરેક માટે આદર્શ તારાબેન છે. કામ કરવું પણ પ્રભુની પ્રસન્નતા મળે તે જ કરવું તે માટે પ્રભુમાં રહીને કરીએ તો સ્વરૂપ પ્રત્યેનું સમર્પણ વધતું જાય. કાકાજી મહારાજે અક્ષરધામની સમાધિમાંથી પત્ર લખ્યો. પણ તારાબેનનું નામ નહીં. તારાબેનને એ પત્ર વાંચીને એકદમ શોક લાગ્યો. અક્ષરધામમાં મારું નામ નહીં ! પણ એ અક્ષરધામમાં રહેતા હતા જ એટલે નામની જરૂર નહોતી. હું ૧૦ વર્ષની તારાબેન ૧૬ વર્ષના ત્યારથી અમારી ભાઈબંધી. સમૈયામાં ભેગા થઈએ, સેવા કરીએ. પપ્પાજીએ પ્રથમ તારાબેનનો સ્વીકાર કર્યો. એ બતાવે છે કે એ એવા પાત્ર હતાં. ભગવાને આપણને આ જોગ આપ્યો. આપણે પણ એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. પપ્પાજીનું કાર્ય બનવું છે. પામી જવું છે. મનથી નક્કી કરીએ.

તારાબેનને માન-અપમાનમાં એકતા હતી. આપણી નિષ્ઠામાં ફેર ન પડે તેવી પ્રાપ્તિ કરવી છે. આપણું અંતર પ્રભુથી ભરેલું રહે. હું શું કરું છું એના કરતાં મારે શું કરવું જોઈએ કે જેથી મારા પ્રભુની પ્રસન્નતા મળે ? પપ્પાજીએ આપણને કેટલું બધું આપ્યું છે ! એમની વાણી સમજીને ઉપયોગ કરીએ તો એમના શબ્દો આપણા જીવનનું પરિવર્તન કરી નાખે. પપ્પાજી બળ આપવા બેઠા છે. માંગીએ ને તે આપે છે. તમે બધા બધી વાતમાં સહકાર આપો છો. નિશ્ચિંતતા છે. એક ભરોસો ભગવાનનો બીજો ભક્તોનો એટલે સુખી છીએ. આપણું વર્તન વાતો કરે એવું જીવન બનાવીએ. રોજ પોતાને કહી દેવાનું કે મારે પ્રભુનું કાર્ય પ્રભુની રીતે કરવાનું છે.

તારાબેનને કોઈ ફરિયાદ નહીં. આપણે આપણામાં નહીં પણ ભગવાનમાં રહેવાનું તો ભગવાનને આપણું સાંભળવાનું સહેલુ થાય. આ વખતે નક્કી કરીએ કે આપણા જીવનમાં પણ આ વાતોમાંથી કાંઈ મૂકીએ. આપણે પણ કાંઈક નક્કી કરીએ. આધ્યાત્મિક રીતે કેટલા આગળ વધ્યા તે જોઈએ ને પપ્પાજીને પ્રાર્થના કરીએ.

**પૂ.હેતલબેન મોડિયા (ઈડર) :** જન્મથી સત્સંગ મળ્યો છે તેથી ખૂબ નસીબદાર છું. ખૂબ અનુભવો છે. તેમાંનો એક અનુભવ કહું. મારી પાસે થોડું સોનું

હતું. મને જે દાગીનાનો શોખ હતો તે લેવા હતા. મારા પતિએ તપાસ કરાવી તો ખબર પડી કે તેને બનાવવાનો ખર્ચ સોના જેટલો જ બીજો થશે. પછી વિદ્યાનગર આવીને મીનાબેનને વાત કરી. મીનાબેને પપ્પાજી, તારાબેનની મૂર્તિને પ્રાર્થના કરી કે હેતલને જોઈએ છે તે તમે અપાવજો. મીનાબેને કહ્યું ત્યારે એટલું માહાત્મ્ય નહોતું. થોડા દિવસે એવું બન્યું કે ખરેખર મને જે લેવું હતું તે હું લઈ શકી. એ વખતે સામાન્ય કુટુંબ માટે તે લેવું એ ખરેખર અશક્ય જ હતું. એ મીનાબેને પપ્પાજી, તારાબેનને પ્રાર્થના કરી તો શક્ય થયું. માંગ્યા વગર પણ એમણે મને ઘણું બધું આપ્યું છે. કોઈ રીતે તમારું ઋણ ચૂકવી શકું તેમ નથી. તમને ગમે તેવું જીવન અમે આખું કુટુંબ જીવતા થઈ જઈએ અને તમને રાજી કરીએ.

**પૂ.નૈશલકુમાર (ઈડર) :** આજે હું તમને એક વાનગી બનાવવાની રીત કહું છું. તે બનાવવાના ઘણા નિયમો પણ છે.

સૌ પ્રથમ પ્રભુરૂપી ગેસ ઓન કરીએ. તેના પર માહાત્મ્યરૂપી તપેલી મૂકીએ. તેમાં સેવારૂપી બે ગ્લાસ પાણી લઈએ. પાણી ગરમ થઈ જાય પછી સુહૃદભાવરૂપી લોટ ધીરે ધીરે નાખતા જઈએ. પછી જપયજ્ઞરૂપી વેલણથી તેને બરાબર હલાવીએ. ત્યારબાદ તેમાં એકતારૂપી વિધવિધ મસાલા નાંખીએ. વાનગી તૈયાર થઈ જાય પછી તેને સંપરૂપી ડીશમાં લઈ સમાગમરૂપી સ્પૂનથી પ્રભુને ધરાવીને ધીમે ધીમે આરોગીએ. આ વાનગીથી તન અને મન સ્વસ્થ રહેશે. પપ્પાજી, તારાબેન અને સૌ સ્વરૂપો ખૂબ રાજી થશે અને આ વાનગી બનાવવાનું ખૂબ બળ આપે તે જ પ્રાર્થના.

**પૂ.પ્રિન્સકુમાર (મુંબઈ) :** મને વાર્તા કહેવી ને સાંભળવી ખૂબ ગમે છે. તો આજે હું તમને વાર્તા કહીશ. એક નાનો બાળક રોજ ચર્ચમાં જઈને પ્રાર્થના કરતો. પાદરીએ પૂછ્યું કે તું શું પ્રાર્થના કરે છે. તો કહે કે હું રોજ આલ્ફાબેટ બોલું છું ને કહું છું કે મારે માટે જે પ્રાર્થના કરવાની હોય તે તમે ગોઠવી લેજો. આપણે પ્રાર્થના કરવાની કે તમે મારી સાથે રહેજો અને અમે તમારી આંગળી પકડીને ચાલીએ.

**પૂ.સુધીરભાઈ રામાણી (ઉપલેટા) :** પપ્પાજી, તારાબેનના દર્શન નથી કર્યા પણ મંજુબેને શીખવ્યું કે પપ્પાજી, તારાબેનને પ્રાર્થના કરશો તો તમારા કામ કરશે. અમે ઉપલેટા રહીએ ને ભાયાવદરમાં જમીન હતી. તે વેચી નજીકમાં લેવાની ઈચ્છા હતી. પપ્પાજીને પ્રાર્થના કરી તો શક્ય થઈ ગયું. અત્યારે અમે સુખી છીએ. આજે પ્રાર્થના છે કે તમે રાજી થાવ તેવું મારું જીવન બની રહે.

**પૂ.નિલેશભાઈ જસાણી (ઉપલેટા) :** આ સત્સંગમાં જોડાયા ત્યારે કાંઈ જાણતા નહોતા. થોડા સમય પહેલા મહાપૂજાનો લાભ લીધો. અમે ૨૦૨૪માં સમૈયામાં આવ્યા. ત્યાર પછી મારી તબિયત સારી નહોતી તેથી ગોંડલ જવાનું હતુ. અમારો મોટો એક્સીડન્ટ થયો. ગાડી આખી ઊંધી વળી ગઈ ને ઢસડાઈ. મારા ઘરનાએ એકદમ પપ્પાજીની બૂમ પાડી ને પાછળની ગાડી એકદમ ઊભી રહી ગઈ. અમને કાંઈ ઈજા ન થઈ. આ અમારા માટે ચમત્કાર છે. અમને નવું જીવન મળ્યું છે. સદાય પપ્પાજી, તારાબેનની અમારા પર કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન :** તારાબેન બહુ છૂપા. તારાબેને પપ્પાજીનો સિદ્ધાંત પકડી રાખ્યો છે. કોઈનું ઘસાતું બોલવું નહીં, સાંભળવું નહીં, ચાલવા દેવું નહીં. એ હેં... હું... કરીને ચાલવા જ ના દે. એ એમણે સિદ્ધાંત દ્રઢ રાખ્યો. પ્રભુને ઓળખી લેવામાં પ્રથમ. આપણા માટે ગુણાતીતભાવને પામવાનો રાજમાર્ગ ખુલ્લો કરી દીધો. કાકાજીને સાક્ષાત્કાર થયો ને જે પત્ર લખ્યો તેમાં તારાબેનનું નામ નહીં. તારાબેનને થઈ ગયું કે મારું નામ નહીં ? ને જે ભજન કર્યું ને પપ્પાજી ઈંડિયા આવી ગયા. બધાને પરમ ભાગવત સંત બનવાનું સુગમ થઈ ગયું. પરાણે દિવ્યભાવ પકડી રાખવો તે તારાબેનનું મુખ્ય બ્રહ્મસૂત્ર. એટલે પરાણે દિવ્યભાવ પકડી રાખવો તે અગત્યનું છે. આવો દિવ્યભાવ પ્રસંગે પરાણેય રાખીએ તો બ્રહ્મતનું બંધાઈ જાય. તારાબેન જેવું જાગ્રતપણે જીવાય તેવી સૌ સ્વરૂપોને પ્રાર્થના.

અંતમાં પરમ આતમ પર્વના જયઘોષ સાથે સભાનું સમાપન થયું.

## તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૫ : સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિને સભા...

તા.૩૧.૧૨.૨૦૨૫ની સવારના પ્રાત:દર્શનથી મંત્રગુંજન શરૂ થયું. મંત્રરટણના ભજનો મૂકાયા. સમૂહ ધૂન થઈ. પ્રદક્ષિણા કરી. મહામંત્ર પ્રાગટ્ય નિમિત્તે સભામાં મહિમાગાન અને કૃપાઆશિષ માણ્યા તેનો સાર માણીએ.

**પ.પૂ.મધુબેન :** ફણેણીમાં કેટલી નાની ઉંમરે મહારાજે આ મંત્ર આપ્યો હતો. અને મંત્રનું મૂલ્ય પણ કહ્યું. પપ્પાજી પણ કાંઈપણ હોય તો એમ કહેતા કે સંકલ્પ કરી ૧૫ મિનિટ ધૂન કરવાની. આ પ્રમાણે કરતા આપણે અનુભવો કર્યા છે. મંત્રનું મૂલ્ય અને વિશ્વાસ, શ્રદ્ધા હોય તો તે કામ કરે જ.

પપ્પાજી પાસે સર્વોપરી તાકાત છે તેનો આપણે ઉપયોગ નથી કરતા. અહીં પપ્પાજીની દિવ્ય શક્તિ, આ સ્વરૂપોની તાકાત આપણી આજુબાજુ વહ્યા જ કરે છે તેનો ઉપયોગ કરી લઈએ.

મહારાજે મંત્ર આપ્યો તેનાથી ચિત્તશુદ્ધિ થાય ને સ્વભાવથી પર જીવતા થઈ જવાય તેવો છે. મંત્રનું બળ લઈએ તો જ મન સ્વીકારવા તૈયાર થાય.

પપ્પાજી કહે છે કે મને સંભારો હું સાંભળવા બેઠો છું. આપણે સંભારવાની ટેવ તો પાડવી પડે. ટાઈમ બગાડ્યા વગર મંત્રરટણ કર્યા કરીએ. ચિંતવન પપ્પાજીનું અને વચન ગુરુનું. તેનું મૂલ્ય રાખીએ તો જ દોષ ટળશે. આપણા મનના લોચા ટાળવા માટે મંત્ર રટણ કરીએ. આપણી બુદ્ધિથી ઉકેલ ના લાવીએ. તેમનું બળ લઈએ. પપ્પાજી પાસે બધું છે. તેનો ઉપયોગ કરતા થઈ જઈએ તેવું બળ આપે તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણા તરફ સાધુની દ્રષ્ટિ રાખી, ગુણાતીત સમાજ તરફ આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખીએ. દેહ માટે કેટલી હૈયાની આત્મબુદ્ધિ છે ! તેમ સંબંધવાળા માટે રાખીએ. એનો અભાવ ના લઈએ. સરસ જોગ આપ્યો છે. સંબંધવાળા ગ્રહણ જ કરે છે. ભગવાનની વફાદારી રાખીને જીવીએ તો સ્થિતિ થઈ જાય. સિદ્ધાંતિક પ્રસન્નતા માટે સંપ, સુહ્રદભાવ, એકતા રાખો. જગત તરફ તારતમ્યતાએ જીવીએ. મોટેરા પ્રાર્થના કરે જ છે કે સૌ સામુદાયિક રીતે બ્રહ્મનિયંત્રિત વર્તતા થઈ જાય. ઈંદ્રિયો, અંત:કરણના ભાવોમાં ભળો નહીં. તેનાથી જુદા પડી જાવ. પછી ટેવ પડી જશે. સહજાનંદસ્વામીમહારાજની જય.

**આશીર્દાન પ.પૂ.દીદી :** રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ૧૪માના દિવસે માગશર વદ ૧૧ ભદ્રા નદીએ સભામાં શ્રીજી મહારાજે કહ્યું કે પ્રગટ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામે ભજન કરજો. શ્રીજી મહારાજના દેહનો પ્રાગટ્યદિન ચૈત્ર સુદ ૯. ને સ્વામિનારાયણ નામનું પ્રાગટ્ય આજે. એ દિવસ આ ૩૧ ડિસેમ્બર. ભગવાનનું નામ અને મંત્ર એક જ. ભગવાને આપણને સ્વીકાર્યા. પછી તે ત્યાગી હોય કે ગૃહી. અંદરોઅંદર આપણે માહાત્મ્ય સમજીએ. આપણને અખંડ સ્વામિનારાયણને ધારીને જીવવા માટે કેટલી સાનુકૂળતા કરી આપી છે !

ભગવાનના ભક્તથી કોઈ માટે ભૂંડો વિચાર કરાય જ નહીં. આપણે એ સ્થિતિએ પહોંચવું છે. ધીમે ધીમે પ્રાર્થના કરી દોષ ટાળતા જઈએ. અખંડ ભગવાનને પ્રાર્થના કર્યા કરવી. મંત્રરટણ કર્યા કરવું. અંતરમાં એમ થાય છે કે એ જ સ્વામિનારાયણ ભગવાને પપ્પાજી સ્વરૂપે પોતાની પ્રાપ્તિ કરાવી. હું એ પપ્પાજીનું કાર્ય છું. આપણું વર્તન એવું હોય કે પપ્પાજી ઓળખાય. એમનો દિવ્ય પાવર કાયમ માટે છે. આપણે હોઈએ કે ના હોઈએ તો ય એ પાવર તો છે જ. બસ આપણે સ્વામિનારાયણ ભગવાનના ધારક બનીને કાર્ય કરીએ.

★ રાત્રિસભામાં કીર્તનઆરાધના કરી જેમાં સ્વામિનારાયણ શબ્દની સ્મૃતિ કરાવતા ભજનો ગાયા. પ્રભુકૃપા તીર્થધામે મધ્ય મંદિરે ગુરુહરિ પપ્પાજી મહારાજ સમક્ષ ૧૧૦ દીવાની જ્યોતિએ ૨૦૨૫ને વિદાય આપતા ૨૦૨૬ના વર્ષને સ્વાગતતા પ્રથમ ગુણાતીત પ્રકાશના ભાઈઓ અને ગૃહસ્થ ભાઈઓએ આરતી કરી. ત્યારબાદ બહેનો તથા ગૃહસ્થ ભાભીઓએ આરતી કરી પ્રસાદ લીધો. આમ મંત્રપ્રાગટ્યની એકાદશીની મહિમાએયુક્ત ઉજવણી કરી.

## ૧.૧.૨૦૨૬ નૂતનવર્ષની સવારની સભા

ઈ.સ.૨૦૨૬ના પ્રથમ દિને આવાહ્‌ન શ્લોકથી ભાઈઓ, બહેનોની સંયુક્ત સભા થઈ. જેમાં આખું વર્ષ આપણે તુંહી તુંહી તુંહી જ એક કરવું છે એવી પ્રેરણા પ.પૂ.દીદીએ આપી કે આજે 'મારે મંદિર મ્હાલે રે...' ભજન ગાવ ને સમૂહમાં ભજન ગવાયું. સભા દરમ્યાન પૂ.રમુભાઈ માવાણી, પૂ.ઈલેશભાઈ, પૂ.ઈલાબેન વાઘેલાએ ભજન ગાયા. ત્યાર બાદ સભામાં થયેલા મહિમાગાન અને આશિષવર્ષાના સારનો સ્વાધ્યાય કરીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** બધાયને Happy New Year. આપણે તો રોજ નવું વર્ષ. પ્રભુ મળ્યા ને આપણે એના થઈને જીવવા માંડ્યું. લાખમાં લાધે નહીં ને કરોડમાં કોક એવા આપણે બધા. પ્રભુની નિષ્ઠા રાખીને જીવનારા છીએ. આ દેહની કિંમત આત્માના પ્રગટીકરણ કરવા માટે છે. ભગવાન મળ્યા, સાધુ મળ્યા તેમણે એની રીતે જીવતા કર્યા. આત્મારૂપે વર્તવાની રીત શીખવી. બધા પ્રગતિ કરતા ચૈતન્યો છે, ભગવાનનું કર્તાહર્તાપણું મનાઈ ગયું એ કેટલી મોટી વાત થઈ ગઈ ! પ્રભુએ એના જેવા સુખિયા કરવા ગ્રહણ કર્યા છે. આ સમાજમાં આવીને બેઠા, રસ્તે પડી ગયા. પછી તે ધીમે ધીમે ઉગાડે છે એ નીત નવું વર્ષ. આજે જેવો આનંદ છે તેવો ૨૪ કલાક રહેવો જોઈએ. માહાત્મ્યેયુક્ત સેવા, સમાગમ, સ્મૃતિ કર્યા કરીએ એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**પ.પૂ.શોભનાબેન :** ગુરુહરિ પપ્પાજી મહારાજે જે આપણા માટે કર્યું ને કરી રહ્યા છે તે અનરાધાર કૃપા છે. આપણે તો એમને ઓળખીયે ન શક્યા. એમણે શાશ્વત સંકલ્પ વહાવ્યા જ કર્યા. તો મહારાજના વારસ સ્વરૂપનો સંબંધ પામ્યા. પપ્પાજીએ આ સ્વરૂપોની ભેટ આપી તો માહાત્મ્ય સમજાતું જાય છે. એમણે એકપક્ષીય શ્રમ કર્યો. આપણી પાસે રતી જેટલી આશા નથી રાખી. આપણને આનંદ ભોગવતા કરવા છે. તો આપણે નવા વર્ષે ભગવાન ભજી લઈએ. ધ્યેયલક્ષી રહીએ. મુકામ આપણો પ્રભુ, તેમાંથી બહાર ન અવાય. ગુરુનું માહાત્મ્ય એટલે એના વચનનું માહાત્મ્ય. એમાં કસણી હોય જ. જોગીબાપા, કાકાજી, પપ્પાજી, આ સ્વરૂપોએ કેવી કસણી ખમી ! છતાં ય કેવા ૨૪ કલાક ભગવાનમાં રહે છે. આપણે દરેક પ્રસંગ પ્રાર્થનાથી ઉકેલીએ. સુહૃદભાવની તક મળે ત્યાં પીછેહઠ ના કરીએ. થઈ થઈને શું થવાનું છે ? મન, બુદ્ધિ, ચિત્તમાં ભગવાન રહેતા થઈ જશે. અહંકાર મૂકી ભગવાનના વધારે થઈએ. એના માટે જોગ ગોઠવ્યો છે. તો મુક્તોના ગુણ ગાવા, સ્વીકારવા છે ને પ્રભુના ગમતા થવું છે. તેવું જીવવાનું આપણને બળ મળે તે જ પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.નંદુભાઈ :** આપણને એવા પપ્પાજી મળ્યા છે કે એક એક પળે આગળ લેવાનું જ એમનું ધ્યેય હોય છે.

પપ્પાજીએ ઘણી સ્મૃતિઓ આપી છે. ૨૦૦૧માં મને હાર્ટની તકલીફ થઈ. પપ્પાજી કહે, અહીં આવી જા. નીલમ બધું ગોઠવી દેશે. મને થોડું ટેન્શન રહેતું હતું. સવારે પપ્પાજી સંઘધ્યાનમાં બેઠા હતા. મને કહે જો એન્જ્યોગ્રાફી, એન્જ્યોપ્લાસ્ટી કરશે ને બધું પતી જશે. ને મને અંતરમાં શાંતિ થઈ ગઈ કે જાણે ઓપરેશન પતી ગયું. પપ્પાજી સાથે આવ્યા ને ઓપરેશન વખતે ત્યાં ધ્યાન કરતા હતા. આખી પ્રોસીજર ૧૫ મિનિટમાં પતી ગઈ. આમ પપ્પાજી આપણા દેહ, અંતરનું રખોપુ કરે છે. તે સંભારીએ તો ય આનંદમાં રહેવાય. આવા પપ્પાજી, બહેનો મળ્યા તેનો આનંદ લૂંટી લઈએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજના નવા વર્ષના આપ સૌને ભાવ નીતરતા જય સ્વામિનારાયણ. આજે નવું વર્ષ. પપ્પાજીએ કહ્યું કે આપણે નીત નવું વર્ષ... આપણે મંદિરમાં બેઠા છીએ. આપણે બધા ભગવાનને રહેવાનું મંદિર છીએ. એકબીજાને જોઈને આનંદ થાય, સુખ આવે. સાથે પ્રભુનો પ્રેમ ને માહાત્મ્ય ભળે છે. બધાના નસીબ ભગવાને પોતાના હાથમાં લીધા છે. એમને પોતાના જેવું સુખ આપવું છે. જગતમાં પોતાપણું મૂકવું જ પડત. તો આપણે સત્પુરુષ પાસે પોતાપણું

મૂકીએ એના જેવું સુખ બીજું એકેય નથી. તો તેમને જે સુખ આપવું છે તે આપણે લેવું છે.

**પૂ.ઈલાબેન વાઘેલા :** ઈંગ્લેંન્ડમાં જુલાઈ ૨૦૦૨માં અમે શિબિરમાં ગયેલા. ત્યાં હું પડી ગઈ. પપ્પાજીને પણ રાતે શ્વાસ ચડ્યો. બીજે દિવસે મારો દ્રષ્ટાદિન હતો પણ મને દર્શન ન થયા. પપ્પાજી તો નીકળી ગયા ને વચ્ચે સર્વિસ સ્ટેશન પરથી મારા માટે કાર્ડ લીધું ને આશીર્વાદ લખ્યા. ત્યારબાદ મારું ઓપરેશન થયું. પપ્પાજી મને જોવા હૉસ્પિટલમાં આવ્યા. પપ્પાજી કહે, 'કાલે ગુરુપૂનમ છે પણ તું નહીં હોય. તો તું મારું પૂજન કરી લે.' મારી આંખમાં તો પાણી આવી ગયા ! ત્યારે મેં પપ્પાજીને પૂછ્યું, 'તમે માંદા કેમ રહો છો ? સાજા થઈ જાવને.' પપ્પાજી કહે, 'બધા જ સંપ, સુહૃદભાવ, એકતાથી જીવે અને કોઈનું ના જુવે તો હું કાલે સાજો થઈ જાઉં.' આજે આ સ્મૃતિ સાથે દીદીને પ્રાર્થના કરું છું કે તમે આખું જીવન બહુ જ બધું પુણ્ય ભેગું કર્યું છે. તમારામાં ખૂબ સામર્થી છે. તમે હજુ વધારે જોરદાર સંકલ્પ કરો કે અમે જે કરવા આવ્યા છીએ તે કરી લઈએ. પપ્પાજી પરિવાર વતી અંતરથી પ્રાર્થના કરું છું. અમે જ્યાં અટક્યા છીએ ત્યાંથી અમે આગળ જઈએ. પપ્પાજીએ એકપક્ષીય શ્રમ કર્યો છે તેને એળે ના જવા દઈએ એ જ આપના ચરણે પ્રાર્થના.

સભાના અંતમાં પ.પૂ.દીદીએ પ્રસાદ અર્પણ કરી નવા વર્ષની સ્મૃતિમાં લીન કરી દીધા.

**૧લી જાન્યુઆરી ૨૦૨૬ કીર્તન આરાધના**

આજે નવા વર્ષની પ્રથમ કીર્તન આરાધનામાં શ્રી ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને હાર અર્પણ થયા. બહેનો, ભાઈઓએ કીર્તનો ગાઈને સૌને સભર કર્યા. ખરેખર આ પ્રત્યક્ષ અક્ષરધામનો જોગ, ધામ, ધામી, મુક્તોના દર્શનથી સૌને બળ આપી રહ્યો છે. એવા આ વર્ષના પર્વોની તૈયારી કરતા સૌ શયને પધાર્યા.

## તા.૩.૧.૨૦૨૬ પોષીપૂનમ : અ.મૂ.અ.મૂ.ગુણાતીતાનંદ સ્વામીજીનો દીક્ષાદિન

સર્વ ત્યાગી-ગૃહી, ગુણાતીત સમાજ માટે આધ્યાત્મિક નૂતન વર્ષ. અંતરમાં ગુણાતીતભાવની ગરિમાનો દિવ્યભાવ હતો. મહારાજ સ્વયમ્ પોતાનું ધામ ગુણાતીતાનંદ સ્વામીજીને લઈને પધાર્યા છે ને વારેવારે તક જોઈને રહસ્યભરી વાત સમજાવી. જેને જેને સમજાણી તેવા શ્રી ભગતજી મહારાજ, શ્રી જાગાસ્વામી, શ્રી કૃષ્ણજીઅદાએ આ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી. શ્રી શાસ્ત્રીજી મહારાજ, શ્રી યોગીજી મહારાજે કૃપા કરીને ગુરુહરિ પપ્પાજી મહારાજની ભેટ આપી. અને પપ્પાજીએ આ સાત જડ કોટિ પરની ગુણાતીત જ્યોતમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાની સાધના સૌને માટે વહેતી મૂકી.

પપ્પાજી મહારાજે આપણને જાગ્રત કર્યા છે કે સંબંધવાળામાં મહારાજ ન દેખાય તે આપણે માટે વિષય છે. ને તેમાં મહારાજ... મહારાજ... કરી આપણે ત્યાં છેતરાવું, બલન્ટ થવું, બહેરા થવું, મૂંગા થવું, બુદ્ધુ થવું. આટલી ડીસીપ્લીન પાળીએ તો સત્સંગ અને સત્પુરુષ પ્રધાન થઈ જાય.

આવું કરાવનારા ગુણાતીત સાધુ સ્વરૂપોના આશિષ લેવા, પોષીપૂનમની સવારે પપ્પાજી હૉલમાં પ.પૂ.દીદીના સાંનિધ્યે ભાઈઓ, બહેનોની સંયુક્ત સભા આવાહ્ન શ્લોક સાથે શરૂ કરી.

ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષાદિન નિમિત્તે પ.પૂ.દીદી રચિત 'એક પોષી પૂનમનો દિન ઉગ્યો....' ભજન ગાયું. આ ભજનમાં આખો માર્ગ બતાવ્યો છે કે પોતાના દોષ કબૂલ કરીને 'આ ટાળો' કહેતા એ ટાળી દે તેવા સમર્થ મળ્યા છે. આજના દિને પ્રાર્થના, અનુભવો અને સ્વરૂપોએ માહાત્મ્યગાનનો લાભ આપ્યો, આશિષ લીધા તેનો સાર માણીએ.

**પૂ.હંસાબેન ગુણાતીત :** પપ્પાજી આ દિવસને આધ્યાત્મિક નૂતન વર્ષ કહે છે. પપ્પાજીએ મહારાજ અને ગુણાતીતનો રોલ આપણા જીવનમાં ભજવ્યો. જીવનું કંઈપણ જોયા વગર દ્રષ્ટિમાં લઈને સ્વરૂપ ઓળખાવ્યા કર્યું ને બ્રહ્મ ભર્યા કર્યું. એવા પપ્પાજીના આપણી છીએ તે જ આપણાં નસીબ.

મહારાજ ગુણાતીતને લઈને આવ્યા ત્યારથી

આપણે દ્રષ્ટિમાં છીએ, તે દ્રષ્ટિ કામ કરી રહી છે. પપ્પાજીની અસીમ કૃપા કે કેવળ મોજમાં આ મારગે મૂકી દીધા છે. આપણા ધ્રુવતારક આ સ્વરૂપો મોજમાં આપી દીધા. તેઓ પપ્પાજીનું જે કાર્ય તેમાં ભળી ગયા. કેવળ પપ્પાજી અર્થે જીવે છે. મોટેરાઓએ દેહને ગણ્યા વગર પપ્પાજીના વચનમાં દેહ ઘસી કાઢ્યો. એવા આપણે બનીએ.

એમનું વચન જીવન બનાવીએ તો સુખ, શાંતિ, આનંદ જીવનમાં વહેશે. ગુણાતીતે મહારાજ સિવાય કાંઈ ન રાખ્યું. મહારાજનો મહિમા વહેતો રાખ્યો અને એમનું સુખ વહેતું રાખ્યું.

તો આપણે પણ કેવળ એક પપ્પાજીની રુચિ, મરજી પ્રમાણે જીવીને પામી જઈએ. નિર્દોષબુદ્ધિ પકડી રાખીએ, વચન અધ્ધર ઝીલી લઈએ તેવું જીવવાનું બળ આપજો.

**પૂ.તરૂબેન :** ગુણાતીત મહારાજને રહેવાનું પ્રત્યક્ષ ધામ. ગુણાતીતને જૂનાગઢ મોકલ્યા ને સત્સંગ પ્રસરાવ્યો. સ્વામિનારાયણ ભગવાને વચન આપેલું કે હું ધામમાં જઈશ ત્યારે તમને બોલાવીશ. તે પ્રમાણે બ્રહ્માનંદસ્વામીને મોકલ્યા ને સ્વામીને બોલાવ્યા. મહારાજ ધામમાં પધાર્યા પછી સ્વામીએ પાણીમાં ધરો જોઈ ને મૂર્ચ્છા પામી ગયા. તો મહારાજે સાક્ષાત દર્શન દીધા ને કહ્યું કે હું તો તમારામાં અખંડ રહ્યો છું. તેમ આપણા માટે પપ્પાજી પણ હાજરાહજુર જ છે. આપણે જે પ્રાર્થના કરીએ છીએ એ તે સાંભળે છે.

ગુણાતીતની દ્રષ્ટિ મહારાજ તરફ રહેતી તો મહારાજની દ્રષ્ટિ પણ તેમની તરફ રહેતી. તેવી જ રીતે પપ્પાજીએ આ સ્વરૂપો આપ્યા છે.

હે દીદી ! અમે હવે જે હેતુસર આવ્યા છીએ તે પાર પાડીએ સંબંધવાળા બધા પપ્પાજીને ઓળખી લઈએ. મહિમા ગાયા, સાંભળ્યા જ કરીએ. હવે કસર ન રહે, પપ્પાજીને જે કરાવવું છે, જે પ્રાપ્તિ કરાવવી છે તે કરી લઈએ તેવી તમારા ચરણોમાં પ્રાર્થના.

**ગુણાતીત પ્રકાશ પૂ.કે.પી.ભાઈ :** પહેલા પોષી પૂનમની શિબિર રામકૃષ્ણ હોલમાં થતી. ખૂબ ઠંડી પડતી. એકવાર મારો નાનો ભાઈ આવેલો. તે મને આબુધાબી એની સાથે લઈ જવાનું કહેતો હતો. મેં પપ્પાજીને વાત કરી તો પપ્પાજી કહે, 'તારી જવાબદારી તો મારી છે. તારે બહેનોની સેવા કરવાની છે.' એ પપ્પાજીની કૃપા ને પકડ. મને બેનોની સેવા મળી છે તે રાંકભાવે કર્યા કરું તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આધ્યાત્મિક નૂતન વર્ષ. પોષીપૂનમે જગત આખું સનાથ બન્યું. મહારાજે ગુણાતીતને દીક્ષા આપીને સંબંધમાં આવે તેનું કલ્યાણ કરીશું તે કાર્ય શરૂ કર્યું. ગુણાતીતને ડભાણમાં દીક્ષા આપી તે દિવસ. જે એકાંતિકપણું સિદ્ધ કરવા માગે તે થઈ શકે તેવા જોગ ગોઠવી દીધા.

સંબંધમાં આવ્યા તેનો છેલ્લો જન્મ. એના જ પ્રારબ્ધ વારપશે. મહારાજ મળ્યા પછી સાધન શેના ! કેવળ સંબંધે કલ્યાણ કરવા સદ્‌ગુરુઓ આપી દીધા. કાકાજી કહેતા કે. એક વખત એકાંતિકના જીવમાં પેસી જાવ. પછી તમારું કામ પૂરું. તમને પૂરા કર્યા વગર મૂકશે નહીં. કારણ ગુણાતીતની પ્રાપ્તિ થઈ છે. ચાલો બધાને ઝાઝા કરીને જય સ્વામિનારાયણ.

**પૂ.નરેનભાઈ ઠકરાર (વિદ્યાનગર) :** અમારે જ્યારે રીટાયર્ડ થવાનો ટાઈમ થયો ત્યારે બેનને મળ્યા. બેન કહે વિઠ્ઠલાણી સાહેબની જેમ અહીં છ મહિના ને યુ.કે. છ મહિના રહો. મને જરા ફાવે તેમ નહોતું. ત્યાં તો બેન કહે, અહીં જ આવી જાવ. રમીબેનને અમારો હાથ આપ્યો ને કહ્યું, તું ધ્યાન રાખજે. આજે ૧૨ વર્ષથી અહીં છીએ. ને ઈંગ્લેન્ડ જરાય યાદ નથી આવતું. મારે કાંઈ કરવું પડતું નથી. તમારા છીએ ને તમારી સેવા તન, મન, ધન, આત્માથી કરીએ તેવા આશીર્વાદ આપજો.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ગુણાતીતનો દીક્ષાદિન. આપણે ઈ.સ.૧૯૬૬માં અહીં આવ્યા. ૧લી જૂને બહેનોને ભગવા વસ્ત્રો આપ્યા. સાહેબદાદા અને ભાઈઓએ ઘણી સેવા કરી. બા, કાકા, પપ્પાજીએ પોષી પૂનમે ભાઈઓને વ્રત આપ્યું. દર પોષી પૂનમે અહીં મોટો સમૈયો થતો. ખૂબ ઠંડી ને ખૂબ સેવા. ઘણા હરિભક્તો આવતા. આજે અનુપમ મિશનના

ભાઈઓનો દીક્ષાદિન...


પપ્પાજીએ આપણને ગુણાતીતભાવને પામવા માટે વ્રત આપ્યું છે. આપણે હવે મહામાનવ બનવાનું છે. આપણો સંકલ્પ બળિયો બને એવી પ્રાપ્તિ કરી લઈએ. ભગવાનના ભક્ત ક્યારે પણ કોઈના માટે અશુભ વિચાર ન કરે. એવા મહામાનવ બનીએ કે આપણા વિચારમાં શુદ્ધતા, પવિત્રતા હોય. ભગવાનને પહોંચે તો એ રાજી થાય એવા વિચાર, વાણી, વર્તન હોય. ગુણાતીત મહારાજની મરજી જાણીને જીવન જીવ્યા તેમ આપણે જીવીએ. વચન પળાય એટલા તો પાળી જ લેવા. કોઈના ઘસારામાં પડાય જ નહીં તેની જાગ્રતતા રાખીએ.

પૂ.હીનલબેન : ઈ.સ.૧૯૮૫ની સાલમાં પોષીપૂનમના થોડા દિવસ પહેલા રાત્રિસભામાં પપ્પાજીને હાર પહેરાવવાનું ડીકલેર થયું. પપ્પાજી કહે ૮૬ નંબર હાર પહેરાવે ને ૧૮૬ હાર ઉતારે. ત્યારે ૧૮૬ નંબર કોઈનો હતો નહીં. પપ્પાજી પેડ-પેન લઈને બેઠા ને બહેનોના નામનું લીસ્ટ કર્યું. અને કહ્યું કે આ બહેનોને પોષીપૂનમે વ્રત આપવું છે. આમ અચાનક જ કૃપા કરીને ત્રણ જ દિવસ પછી પોષીપૂનમ હતી ત્યારે અમને વ્રત આપ્યું એ પપ્પાજી. અકારણ કૃપામાં અમારો નંબર લાગી ગયો તો અમે પપ્પાજી, દીદીનું શોભાડીએ, કાર્ય બની જઈએ, એ જે કહે તે વર્તન કરીએ. જ્યોત માટે કુરબાન થઈ જઈએ એ જ પ્રાર્થના.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ અમદાવાદના જૂના જોગી પૂ.નલીનકાંતભાઈ જોષી તા.૧૧.૧૨.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.નલીનકાંતભાઈનો પરિવાર એક સત્સંગીના માધ્યમથી જ્યોતના જોગમાં આવ્યો. પપ્પાજીએ



જીવનમાં ગુરુહરિનું સ્થાન લીધું. પ.પૂ.જસુબેન તેઓના ફેમીલી ગુરુ બન્યા. ગુરુઆજ્ઞા પ્રમાણે જીવન જીવ્યા. ઘરમાંથી પૂ.નલીનકાંતભાઈ અને બંને દીકરાઓને સંતોનો, ભાઈઓનો સમાગમ કરવાનું કહ્યું અને અઠવાડિક સભા ભરવાનું કહ્યું તે દિવસથી અમદાવાદમાં નલીનકાંતભાઈ સભામાં અવશ્ય હાજરી આપતા. પ.પૂ.અક્ષરવિહારી સ્વામીજી, પૂ.વિજ્ઞાન સ્વામીજી અને પૂ.ભક્તવત્સલ સ્વામીજીનો જોગ થયો. તેઓ ખૂબ ધ્યાન રાખતા. નલીનકાંતભાઈ મિતભાષી, નિયમિત જીવન, શાંત અને સરળ પ્રકૃતિવાળા. એક પ્રભુનું સ્મરણ કરતા અને મન મહિમાના વિચારોથી ભર્યું રાખતા. સેવા કોઈની પણ આવે તો તરત કરી આપતા. તેઓ પોતાના ખંત, ધગશ અને પ્રામાણિકતાથી એક સામાન્ય ગવર્મેન્ટ ક્લાર્કની પોસ્ટ પરથી ક્લાસ વન ઓફિસર અને છેલ્લે સહકારી મંડળીઓના બોર્ડ ઓફ નોમીનીઝના જજ તરીકે પદ સ્વીકારી, ખૂબ પ્રસંશનીય કાર્ય કર્યુ અને રીટાયર્ડ થયા.

રીટાયર્ડ જીવનમાં પણ પોતે અને ધર્મપત્ની મંજુલાબેન આખો દિવસ પ્રભુમાં જુદી જુદી રીતે લીન રહેતાં. પોતાના બંને દીકરાઓના પરિવાર અને દીકરીના પરિવારને સંપ, સુહૃદભાવ, એકતાના તારે જોડી રાખ્યા. પૂ.મંજુલાબેનની આધ્યાત્મિક અને દયાળુ ભક્તિભાવભરી જીવન શૈલીનો ખ્યાલ રાખી પોતે સાદાઈભર્યું જીવન જીવતા. તેઓ સમગ્ર પરિવારનું આધ્યાત્મિક ભક્તિભાવ-સેવામય જીવન જોઈ આનંદ અનુભવતા પ્રભુ ચરણે નિશ્ચિંતતાથી બેસી ગયા. એવા આત્માને અમારા શત શત વંદન.

**★ લેસ્ટર, યુ.કે. સમાજના પૂ.સુશીલાબેન દેવાણી તા.૧૩.૧૨.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.સુશીલાબેન છેલ્લા થોડા સમયથી ખૂબ જ



બીમાર હતાં. સુશીલાબેન અને શાંતિલાલ દેવાણી બંને ખૂબ જ નમ્ર ભક્તો હતાં. ૧૯૭૬માં પૂ.મીનાબેન અને પૂ.વિઠ્ઠલાણી સાહેબના સંપર્કમાં આવ્યાં અને લેસ્ટર મંડળના સભ્ય બન્યા.

સુશીલાબેન ઘણા વર્ષો સુધી સત્સંગ પ્રવૃત્તિઓમાં મીનાબેન

વિઠ્ઠલાણી અને પૂ.હસુબેન ઠક્કરને ટેકો આપતાં હતાં. તેઓ એક બુદ્ધિશાળી અને સુશિક્ષિત મહિલા. તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી ફાઈનાન્સ કંપનીમાં કામ કરતા હતા. અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ હતું. ખાસ કરીને લેસ્ટર મંડળના યુવાનો સુશીલાબેનના હંમેશા આભારી રહેશે કે તેમણે બધા ભજનોનું ભાષાંતર કર્યું જેના કારણે તેઓ ગુજરાતી વાંચી શકતા ન હોય ત્યારે પણ ભજન ગાતા રહ્યા.

ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ. દિવ્ય બેન પ્રત્યેની તેમની શ્રદ્ધા અને અડગ ભક્તિ નોંધપાત્ર હતી. હંમેશા નમ્ર, સંપ, સુહૃદભાવ અને એકતા રાખી તેઓ દરેક પરિસ્થિતિમાં સકારાત્મક રહ્યા. તેમની પુત્રી પૂ.પલ્લવીબેને અંત સુધી પોતાની માતાની પ્રેમથી સંભાળ રાખી, તો ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પ.પૂ.દીદીને પ્રાર્થના કરીએ કે તેમને આશીર્વાદ આપે કે પલ્લવીબેન સુખી થાય અને ભક્તિમય જીવન જીવે.

સુશીલાબેનના આત્માને ગુરુહરિ પપ્પાજી મહારાજ ખૂબ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

### હાર્દિક નિમંત્રણ

પ્રાર્થનાની પાંખે ચૈતન્યોને બેસાડી
દિવ્યભાવના આકાશે વિહાર કરાવે છે એવાં
ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ. તારાબેનના
સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી :
તા.૧૪.૨.૨૦૨૬, શનિવાર,
સવારે ૧૦ થી ૧૨ કરીશું.

અસ્ખલિત સુહૃદભાવની ગંગોત્રી વહાવી
સમગ્ર ગુણાતીત સમાજનું જતન કર્યું છે એવાં
ગુરુહરિ પપ્પાજી સ્વરૂપ પ.પૂ. જ્યોતિબેનના
પ્રાગટ્યપર્વની ઉજવણી :
તા.૧૫.૨.૨૦૨૬, રવિવાર,
સાંજે ૫ થી ૭ કરીશું.

આ બંને અવસરે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.
સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર
મહાપ્રસાદ બાદ વિસર્જન.

### વિશેષ નોંધ

વર્ષ ૨૦૨૬માં નીચેના ઉત્સવો બૃહદ ગુણાતીત સમાજ ભેળા મળીને ઉજવીશું.

**પ.પૂ.દેવીબેનનો ૯૦મો પ્રાગટ્યદિન**
**'બ્રહ્માનંદી તેજ પર્વ'ની ઉજવણી**
**તા.૨૬-૨૭મી ઑગષ્ટ, ૨૦૨૬**
**બુધવાર, ગુરુવાર**

**ગુરુહરિ પપ્પાજીમહારાજનો**
**૧૧૦મો પ્રાગટ્યદિન**
**'શાશ્વત સંકલ્પ પર્વ'ની ઉજવણી**
**તા.૨૯મી નવેમ્બર, ૨૦૨૬**
**રવિવાર**

**પ.પૂ.દીદીનો ૯૦મો પ્રાગટ્યદિન**
**'પ્રેરણા પીયૂષ પર્વ'ની ઉજવણી**
**તા.૩૦મી નવેમ્બર ૨૦૨૬**
**સોમવાર**

આ પર્વોની કેલેન્ડરમાં નોંધ કરી લેવા વિનંતી.

### નિર્ણય

★ અ.મ.મુ. ગોપાળાનંદ સ્વામી જયંતી :
મહા સુદ – ૮, સોમવાર, તા.૨૬.૧.૨૦૨૬

★ એકાદશી :
મહા સુદ-૧૧, ગુરુવાર, તા.૨૯.૧.૨૦૨૬

★ પ.પૂ.કાકાજીનો સાક્ષાત્કારદિન :
મંગળવાર, તા.૩.૨.૨૦૨૬

★ એકાદશી :
મહા વદ-૧૧, શુક્રવાર, તા.૧૩.૨.૨૦૨૬

★ પ.પૂ.તારાબેનનો સ્વરૂપાનુભૂતિદિન :
શનિવાર, તા.૧૪.૨.૨૦૨૬

★ અક્ષરરાત્રિ, પ.પૂ.જ્યોતિબેનનો પ્રાગટ્યદિન
પ.પૂ.અક્ષરવિહારી સ્વામીજીનો પ્રાગટ્યદિન :
મહા વદ-૧૩, રવિવાર, તા.૧૫.૨.૨૦૨૬



પરમ આતમ પર્વે ભાવ વધામણાં...

































મહિમામાં રત ભક્ત સમુદાય...
















ભાવાર્પણ, અનાવરણ અને ગરિમાવંદના...
















To,


RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120



જાન્યુઆરી-૨૦૨૬ની આજ્ઞા...

## શાશ્વત પપ્પાજીની પ્રેરણા

મને પ્રગટ મળ્યા પુરૂષોત્તમ આજ
આનંદ અંતર છાઈ રહ્યો
મારા સર્વે જગતના સરિયા કાજ
આનંદ અંતર છાઈ રહ્યો
હવે જગત બિચારું શું કરશે
મારું દર્શન કરશે તે તરશે
આ દેહ ધર્યો શ્રીજીને કાજ
આનંદ અંતર છાઈ રહ્યો



સ્વામીશ્રીજી
હે મારાં વહાલા બાળકો
તમે મારી આશા છો
તમે મારૂ ભવિષ્ય છો
તે સદૈવ જાગ્રત રાખજો.
કારણ તમારા માટે
"અશક્ય" જેવું કાંઈ
કાર્ય જ નથી.
અથવા તમે ધારો તે
શક્ય જ બને
એક માત્ર તેનાજ
થઈને જીવો અને
તેનું જ કાર્ય કરો
એના તેના જ ગુણ ગાયા કરો
બીજુ કાંઈ જ. કરવા જેવું નથી
પપ્પા





Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India